Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 246 Dt.29-07-2022 (Friday)
સાંધ્ય દૈનિક
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

શેરબજારમાં તેજી સેન્સેક્સ ૫૭૦૦૦-નિફ્ટી ૧૭૦૦૦ને પાર

બે દિવસમાં ઈન્વેસ્ટરોની સંપત્તિમાં ૫ લાખ કરોડનો વધારો

(એજન્સી સમાચાર)
મુંબઇ,તા. ૨૯

શેરબજારમાં સેન્સેક્સ ઉઘડતામાં વધુ ૭૦૦ પોઇન્ટના ઉછાળા સાથે ૫૭૦૦૦ની સપાટી કુદાવી ગયો હતો જ્યારે નિફ્ટીએ પણ ૧૭૦૦૦નું લેવલ ક્રોસ કરી લીધું હતું.

શેરબજારમાં માનસ પલ્ટાયુ હોય તેમ આજે સતત બીજા દિવસે તેજીના આખલાની છલાંગ હતી. વૈશ્વિક મંદીના ભણકારા, અમેરિકાની જેમ ભારતમાં પણ વ્યાજદર વધવાની આશંકા, ક્રૂડ તેલના ઉંચા ભાવ, મોંઘવારી-ફુગાવા જેવા વિપરીત કારણોને ડીસ્કાઉન્ટ કરીને માર્કેટે હરણફાળ ભર્યાનું ચિત્ર હતું. વિશ્વસ્તરે નબળા આર્થિક સંકેતો છતાં વિદેશી ઇન્વેસ્ટરો, ફરી વખત લેવા દોડતા તેજીને ટેકો મળ્યો હતો.

ગઇકાલે વિદેશી ઇન્વેસ્ટરોએ રૂ.૧૩૦૦ કરોડથી પણ અધિકની નેટ ખરીદી કરી હતી. ૯ મહિના બાદ ચાલુ મહિનામાં વિદેશી નેટ રોકાણ થવાનો આશાવાદ વ્યક્ત થતો હતો. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે વિદેશી ખરીદી ઉપરાંત બે દિવસથી ડોલર સામે સ્ટ્રોંગ બનેલા રૂપિયાએ પણ માનસ ફેરવી નાખ્યું છે અને તેને પગલે રીટેઇલ ઇન્વેસ્ટરોની ખરીદી વધી છે. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયામાં મોટો ઉછાળો હતો. પ્રારંભિક કામકાજમાં જ ૩૬ પૈસા વધીને ૭૯.૩૯ સાંપડ્યો હતો. રૂપિયો મજબૂત થવાથી આયાત બીલ ઘટવાની સાથોસાથ અર્થતંત્રને પણ રાહત થઇ શકે છે.

શેરબજારમાં આજે ભારતી એરટેલ, બજાજ ફીન સર્વિસ, ઇન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મારૂતિ, નેસલે, પાવરગ્રીડ, રિલાયન્સ, ટીસીએસ, ટીસ્કો, ટાઇટન, એશિયન પેઇન્ટસ વગેરે ઉંચકાયા હતા. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઇન્ડેક્ષ ૬૨૧ પોઇન્ટના ઉછાળાથી ૫૭૪૭૯ હતો તે ઉંચામાં ૫૭૫૩૧ તથા નીચામાં ૫૭૨૫૫ હતો. નિફ્ટી પણ ૧૭૨૦૦ની સપાટી વટાવી ગયો હતો અને ૨૨૦ પોઇન્ટના ઉછાળાથી ૧૭૧૨૭ સાંપડ્યો હતો. જે ઉંચામાં ૧૭૧૪૧ તથા નીચામાં ૧૭૦૫૯ થયો હતો.(૯)

૬૦૦ ફૂટ ઊંડા બોરમાં ૬૦ ફૂટે ફસાયેલી દીકરીને બચાવી લેવાઈ, ધ્રાંગધ્રામાં આર્મીનું દિલધડક ઓપરેશન સફળ

(એજન્સી સમાચાર)
સુરેન્દ્રનગર, તા.૨૯

ધ્રાંગધ્રાના ગાજણવાવમાં સવારે ૭.૩૦ વાગ્યે ૬૦૦ ફૂટ ઊંડા બોરમાં આદિવાસી પરિવારની કિશોરી પડી હતી અને ૬૦ ફૂટે ફસાઈ હતી. બોરમાં ફસાયેલી કિશોરીને બચાવવા માટે આર્મી, પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. કિશોરીને બચાવવા માટે આર્મી દ્વારા દિલધડક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને બોરમાંથી તેને હેમખેમ બહાર કાઢી હતી. તેને બચાવવા માટે ૪ કલાક રેસ્ક્યુ-ઓપરેશન ચાલ્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના ગાજણવાવમાં એક આદિવાસી ખેતમજૂરની ૧૨ વર્ષની કિશોરી ખેતર પાસે આવેલા એક બોર નજીક રમી રહી હતી. રમતાં-રમતાં અચાનક તે ૬૦૦ ફૂટ ઊંડા બોરમાં પડી ગઇ હતી. એની જાણ થતાં જ કિશોરીનાં પરિવારજનો અને આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં અને તેને બચાવવા કવાયત હાથ ધરી હતી. ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી,

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજયભરમાં ઉઘાડનો માહોલ

ગુજરાતમાં સીઝનનું ૬૯.૮૬ ટકા પાણી વરસી ગયુ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૯

રાજયભરમાં ઉઘાડનો માહોલ રહ્યો હતો. માત્ર અમુક વિસ્તારોમાં છુટાછવાયા ઝાપટા વરસતા હતા. રાજયમાં અત્યાર સુધીમાં સરેરાશ ૬૯.૮૬ ટકા વરસાદ પડયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રીપોર્ટ પ્રમાણે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન રાજયના મોટાભાગના વિસ્તારોમાં ઉઘાડનો જ માહોલ હતો. માત્ર ૪૧ તાલુકામાં ઝાપટા-હળવો વરસાદ પડયો હતો. સૌથી વધુ ૧૭ મીમી વરસાદ ગાંધીનગરના કલોલમાં વરસ્યો હતો. માત્ર ૧૧ તાલુકામાં ૧૦ મીમી કે તેથી વધુ વરસાદ હતો.

બાકીમાં સામાન્ય ઝાપટા જ પડયા હતા. રાજયમાં અત્યાર સુધીમાં કુલ વરસાદ ૫૯૩.૯૩ મીમી થયો છે જે સીઝનના ૬૯.૮૬ ટકા થવા જાય છે. રાજયના ૨૫૧ પૈકી માત્ર એક તાલુકામાં પાંચ ઈંચ કરતા ઓછો વરસાદ છે. બાકી તમામ તાલુકામાં સારો વરસાદ થઈ ગયો છે. ૩૦ તાલુકામાં ૫થી૧૦ ઈંચ, ૧૦૩ તાલુકામાં ૧૦થી૨૦ ઈંચ, ૮૬ તાલુકામાં ૨૦થી૪૦ ઈંચ તથા ૩૧ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ થયો છે.(૯)

સરકારે ૧૫ વર્ષ જૂના વાહનો માટે ૮૪ વાહન ફિટનેસ પરીક્ષણ કેન્દ્રો માટે મંજૂરી આપી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાયો નિર્ણય

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૩૦

રાજય સરકારે ૧૫ વર્ષ જૂના વાહનો માટે ૮૪ વાહન ફિટનેસ પરીક્ષણ કેન્દ્રો માટે મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્રો પીપીપી મોડ હેઠળ સ્થાપિત કરવામાં આવશે. અઈજ પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ મનોજ દાસે જણાવ્યું હતું કે ૯૦ કેન્દ્રો માટે અરજીઓ મળી હતી, જેમાંથી ૮૪ મંજૂર કરવામાં આવી હતી.

રાજયએ હજુ ફી નક્કી કરવાની બાકી છે અને સરકારે રેવન્યુ શેરિંગ મોડલને પસંદ ન કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સંચાલકો ફી વસૂલ કરશે અને આનાથી વધુ લોકોને આવા કેન્દ્રો સ્થાપવા પ્રોત્સાહિત થશે, એમ દાસે જણાવ્યું હતું. સંપૂર્ણ સ્વચાલિત કેન્દ્રો માનવ હસ્તક્ષેપ વિના ચલાવવામાં આવશે અને જે વાહનો ત્રણ વખત ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ જશે તેને સ્ક્રેપ કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

સ્ક્રેપ પોલિસી ભારે વાહનો માટે માર્ચ ૨૦૨૩ અને હળવા વાહનો માટે માર્ચ ૨૦૨૪થી અમલમાં આવશે. વાહન ફિટનેસ કેન્દ્રોની સ્થાપનાથી વિપરીત, ઘણી ઓછી કંપનીઓએ સ્ક્રેપ કેન્દ્રો સ્થાપવામાં રસ દાખવ્યો છે. કેન્દ્ર અલંગને સ્ક્રેપ યાર્ડ તરીકે વિકસાવવાની યોજના ધરાવે છે કારણ કે તેમાં વાહનોને સ્ક્રેપ કરવા માટે મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. રાજય એવું પણ માને છે કે તે બંદરોની નજીક હોવાથી અન્ય એશિયન દેશો માટે વાહન સ્ક્રેપિંગ માટે પણ તે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે. પરિવહન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, હજુ સુધી સ્ક્રેપ સેન્ટર સ્થાપવા માટે કોઈ કંપનીની પસંદગી કરવામાં આવી નથી.(૯)

કેજરીવાલ ફરી એક વખત ચાર દિવસ ગુજરાતની મુલાકાતે આવશે

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૯

આમ આદમી પાર્ટીએ મિશન ગુજરાતવિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે તૈયારી કરી લીધી છે. અરવિંદ કેજરીવાલ પોતે આ માટે આગેવાની કરી રહ્યા છે. હાલમાં જ ગુજરાતની મુલાકાતે આવેલા અરવિંદ કેજરીવાલે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે, હવે ગુજરાત પરિવર્તન ઈચ્છે છે. તેઓગુજરાતમાં મફત વીજળી પણ આપશે. તેમણે એમ પણ કહ્યું કે, ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળે તેવો તેમનો પ્રયાસ રહેશે.

તેમણે કહ્યું હતુંકે, ૨૭ વર્ષ સુધી માત્ર એક જ પાર્ટીએ શાસન કર્યું છે તેથી ઘમંડ આવે છે. હવે ગુજરાત પરિવર્તન ઈચ્છે છે. મોંઘવારી વધી રહી છે. વીજળીના દર વધી રહ્યા છે. પંજાબમાં વીજળી મફત કરી દેવામાં આવી છે. હવે ગુજરાતમાં પણ વીજળી મફત કરવામાં આવશે.ગુજરાતમાં આ દિવસોમાં રાજકીય હલચલ વધી રહી છે. ગુજરાતમાં પણ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. ભાજપ અને 'આપ' સહિત તમામ પક્ષોએ પણ ચૂંટણીની

(અનુ.પાના નં.૪ ઉપર)

નાના વેપારીઓને મળશે સસ્તી લોનઃ કાર્ડની ક્રેડિટ મર્યાદા ૫૦,૦૦૦થી લઈને ૧ લાખ સુધીની હશે

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા.૨૯

મોદી સરકાર કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ નાના વેપારીઓને બિઝનેસ ક્રેડિટ કાર્ડ આપવાની તૈયારીઓ કરી રહી છે. તેનાથી વેપારીઓ અને એમએસએમઈને ગીરવે રાખ્યા વગર સસ્તી લોન મળશે. જાણવા મળી રહ્યું છે કે બિઝનેસ ક્રેડિટ કાર્ડ રાષ્ટ્રીય સ્તર પર લોન્ચ કરવામાં આવશે અને SIDBI વ્યાપર કાર્ડ માટે નોડલ એજન્સી હશે. સમિતિએ આ અંગે નાણાં મંત્રાલય તેમજ વિવિધ બેંકો સાથે પણ વાતચીત કરી છે. આ કાર્ડની ક્રેડિટ સીમા ૫૦ હજારથી માંડીને એક લાખ રૂપિયા સુધીની હશે. એટલે કે નાના વેપારીઓ એ લાખ સુધીની લોન લઇ શકશે.

કોરોના સમયગાળા પછી, દેશના MSME ક્ષેત્ર (લઘુ અને મધ્યમ ઉદ્યોગો) ને સૌથી મોટો આંચકો લાગ્યો છે. એટલું જ નહીં, નોટબંધી અને GSTની અસર પણ આ વિસ્તાર પર પડી છે. આ ક્ષેત્રને રાહત આપવા માટે નાણા અંગેની સંસદીય સ્થાયી સમિતિએ કિસાન ક્રેડિટ કાર્ડની તર્જ પર નાના ઉદ્યોગ સાહસિકોને નવ્યાપાર ક્રેડિટ કાર્ડથની ભલામણ કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, કેન્દ્ર

ગુજરાતના ૧૨૬ કરોડના હેરોઈન કાંડમાં વોન્ટેડ રાજબીર પંજાબથી ઝબ્બે

ધરપકડ વખતે પણ ૧૨૮ ગ્રામ હેરોઈન મળ્યુ

અમૃતસર, તા.૨૯

ગુજરાત અને મહારાષ્ટ્ર સરકારના સમુદ્ર તટેથી મોટી માત્રામાં હેરોઈન પકડાયા બાદ પંજાબ પોલીસે ગુરૂવારે એક આંતર રાજય ડ્રગ તસ્કરની ધરપકડ કરી છે. ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આ ડ્રગ તસ્કર ગુજરાત એટીએસને ૧૨૬ કિલો હેરોઈનના મામલે વોન્ટેડ હતો. આરોપીની ઓળખ રાજબીરસિંહ (રહે. અમૃતસર) તરીકે થઈ છે, જે લાંબા સમયથી નશાના કારોબારમાં હતો અને ધરપકડથી બચવા છેહરટા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ડીજીપી યાદવે કહ્યું હતું કે, રાજબીરની અમૃતસરમાંથી ધરપકડ કરાઈ હતી. પોલીસને તેની ટોયોટા કારમાંથી ૧૨૮ ગ્રામ હેરોઈન અને ૯ લાખ ૬૦ હજાર રૂપિયાની ડ્રગ મની ઉપરાંત ઈલેક્ટ્રોનીક વજન મશીન જપ્ત કર્યા હતા.(૯)

બે ફલાઈટ મોટી દુર્ઘટનામાંથી ઉગરી

૯૮ મુસાફરો સાથેની ગુવાહાટી–કોલકતા ફલાઈટ રન–વે પરથી ઉતરી કીચડમાં ફસડાઈ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૯

દેશમાં એરલાઈન્સના વિમાનોમાં ટેકનીકલ ક્ષતિ સર્જાવા સહિતની સતત વધી રહેલી ઘટનાઓ તથા વિમાની પ્રવાસીઓના જીવન પર જોખમ વચ્ચે ગઈકાલે મોડીરાત્રીની આસામના જોરહાટથી કોલકતા જવા માટે ૯૨ મુસાફર સાથેના ઈન્ડીગોનું વિમાન રન-વે પરથી ઉતરી પડ્યું હતું અને કાદવ-કીચડમાં ફસાઈ ગયું હતું. જો કે આ દુર્ઘટનામાં કોઈ પ્રવાસીને ઈજા થઈ ન હતી.

ઈન્ડીગોની આ ફલાઈટ ગુવાહાટી-કોલકતા રૂટની હતી અને વિમાન ટેક-ઓફ માટે તૈયાર હતું અને રન-વે પર આગળ વધ્યા બાદ અચાનક જ રન-વેની બાજુમાં ઉતરી પડયું હતું અને તેના આગળના પૈડા ઘાસ તથા કાદવમાં ફસડાઈ પડયા હતા. બાદમાં તમામ યાત્રીકોને સુરક્ષિત રીતે ઉતારીને વિમાનને ટેકનીકલ ચકાસણી માટે મોકલવામાં આવ્યું હતું. આ દુર્ઘટનામાં લગભગ છ કલાક સુધી વિમાનને રન-વે

(અનુ.પાના નં.૪ ઉપર)

આઈટી વિભાગ દ્વારા

ગુજરાતના ૪૨ હજાર જ્વેલર્સ-વેપારીઓને નોટીસ ફટકારાઇ

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૨૯

નોટબંધી સમયના વ્યવહારોને લઇને જ્વેલર્સોને આઇટી વિભાગ દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આઇટી વિભાગની તરફેણમાં ચુકાદો આપતા કાર્યવાહી હાથ ધરાઇ છે. ગુજરાતના ૪૨ હજાર જ્વેલર્સ-વેપારીઓને આઇટી વિભાગ દ્વારા નોટિસ ફટકારાઇ છે.

નોંધનીય છે કે, અગાઉ નોટિસને લઇને કરદાતાઓ હાઇકોર્ટ ગયા હતા. હાઇકોર્ટે કરદાતાઓની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. હાલમાં અમદાવાદના પણ ૪૫૦૦ જ્વેલર્સ-વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી છે. આશિષ અગ્રવાલ સહિતના કરદાતાની સામે આઇટી વિભાગે અપીલ કરી હતી. નોટીસનો જવાબ ન આપનારને ૬૦% ટેક્સ અને ૬૦% પેનલ્ટી લાગશે.

ઉલ્લેખનીય છે કે, રાજયમાં તાજેતરમાં જ ચિરીપાલ ગ્રુપના અનેક સ્થળોએ ઇન્કમટેક્સ વિભાગે તવાઇ બોલાવી હતી. જેમાં ઇન્કમટેક્ષ વિભાગને દરોડામાં કુલ ૨૫ કરોડ રોકડ રકમ ઝડપી હતી. આઇટી વિભાગે રૂપિયા ૧૦ કરોડની જ્વેલરી અને ૧.૫૦ લાખ ડોલર હાથ લાગ્યા હતા.

આઇટી વિભાગને ૨૫ લોકર અને જમીનમાં રોકાણના દસ્તાવેજ પણ હાથ લાગ્યા હતા. જણાવી દઇએ કે, ચિરીપાલ ગ્રુપના ડિજિટલ દસ્તાવેજોની પણ એફએસએલ (FSL) ના અધિકારીઓ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. જમીનોમાં કરેલા રોકાણના દસ્તાવેજોની ફાઇલો પણ ખૂબ મોટી સંખ્યામાં મળી આવી હતી.

રાજસ્થાનના બાડમેરમાં સેનાનું મિગ-૨૧ વિમાન ક્રેશઃ બે પાયલટ શહીદ; મિગ ક્રેશ થયા બાદ કાટમાળમાં આગ લાગી હતીઃ મિગ ક્રેશ થયા બાદ એક કિલોમીટર સુધી કાટમાળ જોવા મળ્યો હતો

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

YouTube
સૌરાષ્ટ્ર ક્રાંતી
NEWS
www.saurashtrakranti.com

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટયુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવ:ડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ

90333 44426

Appointment

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

ડ્રગ્સ માફિયાઓને જેલ હવાલે કરવા NSUI ની માંગ

ગુજરાતમાં વધી રહેલા દારૂ, ડ્રગ્સ, ગાંજા જેવા નશીલા પદાર્થ નાબુદ કરવા યુનિવર્સિટીઓમાં સહિ ઝુંબેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

તાજેતરમાં થયેલા બોટાદ લઠ્ઠાકાંડ તેમજ ગુજરાતમાં વધી રહેલા દારૂ, ડ્રગ્સ, ગાંજા જેવા નશીલા પદાર્થ નાબૂદ કરવા બાબતે આજે ગુજરાત પ્રદેશ **NSUI**ના પ્રમુખ નરેન્દ્ર સોલંકીની આગેવાનીમાં રાજકોટ ખાતે આત્મીય યુનિવર્સિટી, આર. કે. યુનિવર્સિટી તેમજ દર્શન યુનિવર્સિટીમાં 'સહી ઝુંબેશ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

NSUI એ આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતની લગભગ તમામ યુનિવર્સિટીની નજીકના અંતરે ખુલ્લેઆમ દારૂ,ગાંજા અને ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યાનો શું પ્રસાશન આ બધી વાતો થી અજાણ છે?

ગરીબ ઘરના વિદ્યાર્થીઓના માતાપિતા કાળી મજૂરી કરીને તેમના દીકરા દીકરીઓને અહી ભણવા મૂકે છે જેથી એમનું જીવન સુધરે પણ આવા બૂટલેગરો અને ડ્રગ્સ માફીયાઓના ખુલ્લેઆમ દારૂ ગાંજા, ડ્રગ્સના વેપારને કારણે વિદ્યાર્થીઓ ઊંધા રસ્તે ચડી રહ્યા છે. **NSUI** આગેવાનો દ્વારા વારંવાર રજૂઆતો થવા છતાં પ્રશાસન કોઈજ પ્રકારના પગલા લેતું નથી તેવો આક્ષેપ કરાયો હતો.

હાલમાં બનેલી બોટાદ લઠ્ઠાકાંડ આપણા બધા માટે એક શીખામણ રૂપ છે. જો આગામી દિવસોમાં આ નશીલા પદાર્થનું વેચાણ બંધ નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં અનેક યુવાનો પોતાની જાન ગુમાવશે.

આ નસાખોરીને ડામવા આવા ડ્રગ્સ માફિયાઓને જેલના હવાલે કરવામાં આવે **NSUI** દ્વારા તેવી માંગ કરાઇ છે.

આજે ગુજરાતની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બાળકોના ભવિષ્યનો સવાલ છે. જે રાજ્યોમાં દારૂબંધી નથી ત્યાં પણ યુનિવર્સિટી વિસ્તારોમાં દારૂ વેચવા પર પ્રતિબંધ હોય છે .

ગુજરાત સરકાર જયારે દારૂબંધીની માત્ર કાગળો પર જ જોવા મળે છે. ગુજરાતની યુનવર્સિટીના નજીકના વિસ્તારમાં ખુલ્લેઆમ દારૂ, ડ્રગ્સ, ગાજાનો વ્યાપાર ચાલતો હોય ત્યારે પ્રશાસનની રહેમ નજર હેઠળ આ બધું ખૂલે આમ ચાલી રહ્યું છે જે ખુબજ નિંદનીય છે. જેને લીધે ગુજરાતનું યુવા ધન બરબાદ થઈ રહ્યું છે. મા સરસ્વતીના ધામની સામે આવા બેફામ ચાલતા દારૂના અડ્ડાએ ગુજરાત પર કલંકછે. ગુજરાતમાં વધી રહેલા દારૂ, ડ્રગ્સ, ગાંજા જેવા નશીલા પદાર્થ નાબૂદ કરવા બાબતે આજરોજ રાજકોટ ખાતે આત્મીય યુનિવર્સિટી, આર. કે. યુનિવર્સિટી તેમજ દર્શન યુનિવર્સિટીમાં 'સહી ઝુંબેશ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમજ આમરી માંગ છે કે, તાત્કાલિક ધોરણે આ અડ્ડાઓ બંધ કરવામાં આવે. આ લડાઈએ ગુજરાતના યુવા ધનને બચવાની છે. તેમ જણાવ્યું છે. (૧૩)

વિધાનસભા-૬૮ના સમાવિષ્ટ વોર્ડ સાથે પ્રભારી પ્રદિપ વાળાની બેઠક યોજાશે

કાલે વિવાહ પાર્ટી પ્લોટ ખાતે અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરૂ પાડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની યાદીમાં જણાવાયું છે કે, સંગઠન સંરચના અને આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય તે અંતર્ગત વિધાનસભા ૬૮ના ધારાસભ્ય અને મંત્રી અરવીંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં આવતીકાલે તા.૩૦નો શનિવારે વિધાનસભા-૬૮ના પ્રભારી પ્રદિપભાઈ વાળા દ્વારા વોર્ડ નં.૪,૫,૬,૧૫,૧૬ના અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે.

આ બેઠકમાં વોર્ડમાં રહેતા અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તા જેમાં વોર્ડમાં રહેતા શહેર ભાજપના હોદ્દેદારો, વોર્ડના પ્રભારી, પ્રમુખ,મહામંત્રી, વોર્ડના કોર્પોરેટર, વોર્ડમાં રહેતા શિક્ષણ સમિતિના સદસ્યો, વોર્ડમાં રહેતા સેલ સંયોજકો, વોર્ડના તમામ મોરચાના પ્રમુખ,મહામંત્રી, વોર્ડમાં આવતા મોરચાના પ્રમુખ સાથે આગામી કાર્યક્રમો અને વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી વોર્ડના બુથ શકિતકેન્દ્રો, પેજપ્રમુખ-પેજસમિતિ સહિતની

સંગઠનાત્મક બાબતો ઉપર ચર્ચા-વિચારણા કરાશે. તો આ બેઠકમાં વિધાનસભા ૬૮ના અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની યાદીમાં જણાવેલ હતું. (૧૩)

ખાંભાના મહાદેવપરા વિસ્તારમાં બનેલી ઘટના

ચંદનઘોને અજગરે ભરડો લેતા વન વિભાગે બચાવી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૨૯

ખાંભાના મહાદેવ પરા વિસ્તારમાં અજગરે ઘોને મોઢામાં પકડી અજગર ભરડો લેતા બે કલાક ચાલેલા ધંધયુદધના અંતે વન વિભાગે અજગરના ભરડામાંથી ઘોને છોડાવી.

ખાંભાના માનવ વસ્તી વાળા મહાદેવ પરા વિસ્તારમાં ગ્રામ પંચાયતના સભ્ય અરવિંદભાઈ વરીયાના નિવાસ સામે ઝાડી ઝાંખરામાં વિશાળકાય અજગરે નજીકથી પસાર થતી બેધ્યાન ઘોને મોઢામાં જકડી અજગર ભરડો લઈ ઘોને બટકા ભરતા ઘોએ પણ અજગર સામે બાથ ભરતી હોય તેમ અજગરના મોંયે બચકા ભરતા મોતનો જંગ બે કલાક ચાલ્યાની ખબર ગ્રામ પંચાયતના સભ્ય અરવિંદભાઈ વરીયાએ વન વિભાગને જાણ કરતા વન વિભાગે ઘટના સ્થળે પહોંચી ઘાયલ ઘોને અજગરના ભરડામાંથી છોડાવતા મોત ભાળી ગયેલ ઘો બંદૂકની ગોળીની જેમ દોડ લગાવી નાનુડી નદીમાં અલોપ થતાં સ્થાનિકોએ હાશકારો લીધેલ.

અજગર અને ઘોની દિલધડક લડાઈ કરતારોકી વન વિભાગે રેસ્કયુ કરી ઘો અને અજગરને બચાવતા વન વિભાગની કામગીરી પણ લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.(૧.૭)

બાબરા બસ સ્ટેશન ખાતે મુસાફરોને ભારે હાલાકી

બસનું સમયપત્રક તૂટેલું હોવા છતાં નિગમના આંખ આડા કાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ-ભાવનગર રાજય ધોરીમાર્ગ ખાતે એસ.ટી.નિગમના એકપણ ડેપો પર વર્કશોપની સુવિધા ઉપલબ્ધ નથી, માત્ર કંટ્રોલ પોઈન્ટ ઉભા કરી સરકારે સંતોષ માન્યો છે. નિગમના કંટ્રોલ પોઈન્ટ ખાતે બસની આવન-જાવન સિવાય ડેપો જેવી સગવડતાઓ મળતી ન હોય મુસાફરો જનતાની સ્થિતિ દયનીય છે.

એસ.ટી.નિગમના અમરેલી વિભાગ હેઠળના બાબરા બસ સ્ટેશન (કંટ્રોલ પોઈન્ટ) ખાતે છેલ્લા ઘણા દિવસોથી બસનું સમયપત્રક તૂટેલી હાલતમાં છે, મુસાફરે અસુવિધા છે છતાં પણ અમરેલી વિભાગ આંખ આડા કાન કરી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બાબરા કંટ્રોલ પોઈન્ટને ડેપો કમ વર્કશોપમાં તબદીલ કરવા માટે છેલ્લા ઘણા વર્ષોથી અનેક રજૂઆતો થઈ હોવા છતાં પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી, જેથી બાબરા તાલુકાની પ્રજામાં રોષ ભભૂકી રહ્યો છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

ભારત -તિબ્બત સંઘ દ્વારા વાર્ષિક સાધારણ સભા, કાર્યકારણીની બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજેશ જે. ભાતેલીયા-સહસંયોજક-મિડીયા-આઈ.ટી. (ગુજરાત પ્રાંત), ભારત-તિબ્બત સંઘની યાદી મુજબ ભારત -તિબ્બત સંઘ ગુજરાત પ્રાંતની વાર્ષિક સાધારણ સભા અને કાર્યકારણીની બેઠક તા.૨૯ ના શુક્રવારે રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ ઓનલાઈન યોજાશે.

બેઠકનું સંપૂર્ણ સંચાલન જીજ્ઞાબેન ગામી સાંવલીયા, પ્રદેશ મહામંત્રી મહિલા વિભાગ, ગુજરાત પ્રાંત અને શ્રી કર્મ ઢેબર, પ્રદેશ મંત્રી, યુવા વિભાગ, ગુજરાત પ્રાંત દ્વારા કરવામાં આવશે. બેઠક પ્રચાર અને ટેકનિકલી સહાયતા શ્રી ગાર્ગેય ત્રિપાઠી, મુખ્ય સંયોજક, મિડિયા આઈ.ટી.વિભાગ ગુજરાત પ્રાંત દ્વારા કરવામાં આવશે.

આ પ્રસંગે વ્યકિતગત ગીત વંદના પુરોહિત, પ્રદેશ ઉપાધ્યક્ષ મહિલા વિભાગ, ગુજરાત પ્રાંત દ્વારા કરવામાં આવશે. જયારે શાબ્દિક સ્વાગત, પ્રણવ સાગર, જિલ્લા અધ્યક્ષ ખેડા(નડિયાદ) જિલ્લા ગુજરાત પ્રાંત દ્વારા થશે. આમંત્રિતો અને અધિકારીઓનો પરિચય કૌશિકભાઈ નાયક, પ્રદેશ કોષાધ્યક્ષ દ્વારા કરવામાં આવશે.

રાજકોટ બાર એસો. દ્વારા વેકિસનેશન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

આજરોજ રાજકોટ બાર એસોસિએશન કોવિડ- ૧૯ ના વેક્સિન કેમ્પના બુસ્ટર ડોઝનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો લાભ રાજકોટના જજઓ, વકીલઓ, કોર્ટ કર્મચારીઓ તથા પોલીસ અધિકારીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ હતો. રાજકોટ બાર એસોસિએશન દ્વારા જજઓ, વકીલો તથા કોર્ટ સ્ટાફના કર્મચારીઓને કોવિડ-૧૯ ના વેક્સિન કેમ્પના બુસ્ટર ડોઝમાં બાકી રહી ગયેલ હોય તેમના માટે કોવિડ- ૧૯ ના બુસ્ટર ડોઝના વેક્સિનના કેમ્પનું આયોજન મંત્રી અરવિંદભાઈ રૈયાણી તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આજે સિવિલ કોર્ટ બિલ્ડીંગની લાયબ્રેરીમાં કરવામાં આવેલ હતું.

આ વેક્સિન કેમ્પના કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ એસ. પટેલ, ઉપપ્રમુખ સિધ્ધરાજસિંહ કે. જાડેજા, સેક્રેટરી પી. સી. વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી ધર્મેશભાઈ સખીયા, ટ્રેઝરર જીતેન્દ્રભાઈ એચ. પારેખ, લાયબ્રેરી સેક્રેટરી સુમીતભાઈ વોરા તથા કારોબારી સભ્યો અજયભાઈ પીપળીયા, કેતનભાઈ મંડ, હિરેનભાઈ ડોબરીયા, નૃપેનભાઈ ભાવસાર, વિવેકભાઈ સાતા, નૈમીષભાઈ પટેલ, કિશનભાઈ રાજાણી, મનીષભાઈ પંડયા, મૌનીષભાઈ જોષી, ચેતનાબેન કાછડીયા, અશ્વિન એ. મહાલીમાં, ચીરાગભાઈ લીંબાસીયા એ જહેમત ઉઠાવેલ હતી. તેમ જણાવ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

આવતીકાલે આઈ.ટી.આઈ. આજી ડેમ ખાતે એપ્રેન્ટીસ તથા રોજગાર ભરતી મેળો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

આઈ.ટી.આઈ. આજી ડેમ રાજકોટ ખાતે ૫૦ થી પણ વધુ જગ્યાઓ માટે ૩૦ જુલાઈ એ એપ્રેન્ટીસ તથા રોજગાર ભરતી મેળો યોજાશે. આ મેળામાં સિલ્વર કન્ઝ્યુમર ઈલેક્ટ્રીકલસ પ્રા.લી.(હરીપર, રાવકી,રાજકોટ)માં વિવિધ જગ્યાઓ જેવી કે ઇલેક્ટ્રિશિયન, ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક, આર્મેચર મોટર રીવાઈન્ડીંગ,ફીટર માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ઇચ્છુક ઉમેદવારો આ પ્રક્રિયામાં ભાગ લેવા કોમ્પ્યુટરાઇઝ બાયોડેટા,ધોરણ ૧૦ની માર્કશીટ, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઇઝ ફોટો, આઈ.ટી.આઈ અભ્યાસ અંગેના ડોક્યુમેન્ટ્સ લાવવાના રહેશે. ઉપરાંત જે ઉમેદવારોને એપ્રેન્ટિસ પૂર્ણ થઈ ગયું હોય તેઓને રેગ્યુલર જોબ પર રાખવામાં આવશે. તેમજ ભરતી મેળાનો સમય સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધીનો રહેશે. કંપની વિશે વધુ વિગતો જાણવા **http:// www.silverglobal.com** વેબસાઈટ પરથી મળી રહેશે.તેમ આઈ.ટી.આઈ ના આચાર્ય નિપુણભાઈ રાવલની યાદીમાં જણાવાયું છે.

અમરેલીના આશાસ્પદ યુવકનું જન્મદિને જ અકસ્માતમાં મોત

બાબરાના નીલવડા માર્ગ ઉપર પવનચકકીના પાંખડા લઈને જતાં ટ્રકે લીધો ભોગ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૨૯

અમરેલીમાં પૂજાપાનો જથ્થાબંધ વેપાર કરનાર હાર્દિકભાઈ હરેશભાઈ શુકલા (ઉ.વ. ૩૦) નામના યુવક આજે તેમના બાઈક ઉપર બાબરાનાં નીલવડા ગામે પૂજાપો દેવા જતાં હોય નીલવડાના સિંગલપટ્ટી માર્ગ ઉપરથી પવનચકકીના પાંખડા લઈને પસાર થઈ રહેલ મહાકાય ટ્રકનાં વ્હીલે યુવકને કચડી નાખતા આશાસ્પદ યુવકનું મોત થતાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે અને બ્રહ્મસમાજના આગેવાનો પણ દવાખાને ઉમટી પડયાહતા.



સૌથી કરૂણાજનક બાબતે એ છે કે, ગઈકાલે જ મૃતક યુવકનો જન્મદિવસ હતો અને તે જ દિવસ તેમનો મૃત્યુ દિન બની ગયો તેમજ ઘણા મહિનાથી યુવક કારમાં આવન-જાવન કરતો હોય એક દિવસ પહેલા જ કાર વેચી નાખી હોય આજે સૌપ્રથમ બાઈક લઈને પૂજાપો દેવા જતાં મોત આંબી ગયું.

હવે પ્રશ્ન એ ઉદભવે છે કે, બાબરા પંથકમાં પવનચકકીના પાંખડા લઈને આવન-જાવન કરતાં મહાકાય ટ્રકોને સિંગલપટ્ટી માર્ગ ઉપરથી પસાર થવાની મંજૂરી કોણે આપી. ટ્રક પસાર થવાનો હોય તો નડતરરૂપ વીજ વાયર, વીજપોલ હટાવવા સહિતની મદદ કોણ અને કયાં નિયમોને આધારે થઈ રહી છે તે અંગે પણ તપાસ કરવી જરૂરી બની છે.

વોર્ડ નં.૨ ભાજપના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલનો આજે જન્મદિવસ

રાજકોટઃ ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં.૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલનો આજે જન્મદિવસ છે. તેઓ ૬૯ વર્ષ પૂર્ણ કરી ૭૦માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે. વ્યવસાયે તેઓ વકીલ ક્ષેત્રે છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત છે. તેઓ ભારતીય જનતા પાર્ટીમાં છેલ્લા ૨૮ વર્ષોથી કાર્યરત છે. રાજકોટ શહેર પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિના મેમ્બર, રેસકોર્સ પાર્કના પરિવાર પ્રમુખ તરીકે કાર્યરત છે. મિત્રવર્તુળ, પરિવારજનો તથા રેસકોર્સપાર્કના રહેવાસીઓ, વિવિધ સંસ્થાઓનાં અગ્રણીઓ દ્વારા રાજેન્દ્રસિંહ ગોહિલનાં મોબાઈલ નં. ૯૮૨૫૧ ૬૨૨૩૫ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

રાજકોટમાં ખોડલધામ મહિલા સમિતિ દ્વારા એક્ઝિબિશન અને સેલનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ખોડલધામ મહિલા સમિતિ-રાજકોટ દ્વારા બે દિવસીય એક્ઝિબિશન અને સેલનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આ એક્ઝિબિશન અને સેલ યોજાશે. આગામી તા.૩૦ અને ૩૧ જુલાઈ, શનિવાર અને રવિવારે રાજકોટ શહેરના સરદાર પટેલ ભવન ખાતે આ એક્ઝિબિશન અને સેલનું આયોજન કરાયું છે. જેમાં મહિલા દ્વારા વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા મહિલા ઉત્થાનના વિવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આવા જ એક ઉમદા હેતુ સાથે મહિલાઓની આવકમાં વધારો થાય તેવા ઉદ્દેશથી આગામી તા.૩૦ અને ૩૧ જુલાઈ, શનિવાર અને રવિવાર, સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી શહેરના સરદાર પટેલ ભવન, ન્યુ માયાણીનગર, ચંદ્રેશનગર પાણીના ટાંકાની સામે ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ દ્વારા વિવિધ વસ્તુઓનું એક્ઝિબિશન અને સેલનું ભવ્ય આયોજન કરાયું છે. આ એક્ઝિબિશન અને સેલમાં ૫૦થી વધુ સ્ટોલ હશે. તમામ સ્ટોલનું સંચાલન મહિલા વેપારીઓ દ્વારા જ કરવામાં આવશે. આ એક્ઝિબિશનમાં રાખડી, લેડીઝ ગારમેન્ટ, ચિલ્ડ્રન ગારમેન્ટ, હેન્ડલુમ આઈટમ, રમકડાં, હર્બલ પ્રોડક્ટ, ઈમિટેશન જ્વેલરી, હેન્ડબેગ, ફૂટવેર, કિચનવેર આઈટમ, લાઈવ ફૂડ વગેરે વસ્તુના સ્ટોલ રાખવામાં આવ્યા છે. ત્યારે આ બે દિવસીય એક્ઝિબિશન અને સેલમાં પધારવા સૌ મહિલાઓને આમંત્રણ પાઠવાયું છે.

એક્ઝિબિશન અને સેલમાં ૫૦થી વધુ સ્ટોલ હશે



VEEADEE FILMS
FILM PRODUCTION HOUSE
Films
Advertisement
Documentaries
રાજકોટમાં
વિડિયો એડ, કૉર્પોરેટ ફિલ્મ
અને પ્રમોશનલ વિડિયો
બનાવવા માટે કોલ કરો
☎ 95123 30013
VEEADEE
VeeDee Films Pvt. Ltd.
www.veedeefilms.com
Behind Big Bazar, Near Maruti Nagar Chowk, Rajkot - 360005

તરઘડીમાં ભૂલથી એસીડ પી ગયેલા મહિલાનું સારવારમાં મોતઃ પરિવારમાં કલ્પાંત છવાયો

રિપોર્ટર જગદીશભાઈ તેરૈયાનો આજે જન્મદિવસ

રાજકોટ:પત્રકાર જગદીશભાઈ તેરૈયાનો આજે જન્મદિવસ છે. સોપાન ક્રાઇમ એલટ દૈનિક ન્યુઝ પેપરનાં સીનીયર ક્રાઇમ રિપોર્ટર તરીકે તેમજ આદેશ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે તેમજ મિલન સાર સ્વભાવથી તેમના મિત્ર મંડળ તેમજ સગા-સંબંધીઓ તરફથી જન્મ દિવસની મો. ૯૪૨૬૩૫૯૪૪૭ પર શુભેચ્છાઓ પાઠવવામાં

તંત્રી સ્થાનેથી...

બજારમાં તેજીનો ચમકાર

ફરી શેરબજારમાં તેજીનો અણસાર છે અને બજારે સુધારા તરફી વળાંક લીધો છે. આ સુધારો જો કે પ્રાસંગિક છે. તથાકથિત મંદી પર વર્તમાન ચોમાસાનો સકારાત્મક અને ઘટાટોપ પ્રભાવ હવે દેખાવા લાગ્યો છે. ઘણા લાંબા સમય પછી ગઈકાલે એક હજાર પોઈન્ટથી વધુ બજાર ઊંચકાઈ છે. ચોમાસુ સરેરાશ આખા દેશમાં હરિયાળું રહ્યું છે. વધતા વરસાદે લોકહૈયામાં ઉમંગ આણ્યો છે. સામાન્ય નાગરિકો માટે પરિવારની કુલ આવકનું ગણિત બેસાડવું એ એક કોયડો છે. દેશમાં રોજગારી આપનારા મુખ્ય બે સેક્ટરમાં પહેલા નંબરે ખેતીવાડી છે અને બીજા નંબરે બાંધકામ છે. બંનેમાં અત્યારે ઠંડક છે. એનું આખું કારણ કોરોના નથી. બાંધકામ સામગ્રીના કાચા માલ અને અને બાંધકામ ક્ષેત્રના વિવિધ નિર્માણને વેચવામાં જીએસટીનો ગંભીર પ્રભાવ પડયો છે, કેન્દ્ર સરકારે એમાં કેટલાક સુધારાઓ કર્યા છે, પરંતુ હજુ તે અપૂરતા છે.

દેશના શહેરોમાં અર્બન ડેવલપમેન્ટ સત્તા મંડળ દ્વારા રિંગ રોડને કાંઠે કાંઠે આગળ વધતા શહેરીકરણમાં અનેક નિવાસી વસાહતો તૈયાર થઈ છે. તેમાં બંગલાઓ છે અને ફ્લેટ પણ છે. પરંતુ સરકારી કાયદાઓના ભયથી હવે રોકાણકારો રિયલ એસ્ટેટ ક્ષેત્રમાંથી ખસી રહ્યા છે. વપરાશ કરનારા ગ્રાહકો નાણાંભીડમાં છે. રોકાણકારોના ગમનને કારણે મૂડીનો એક મોટો પ્રવાહ જે બાંધકામ ક્ષેત્રે આવતો હતો અને કામમાં પણ આવતો હતો એ અટકી ગયો છે. દસ વરસ જૂના મકાનોના ભાવ સતત નવા નીચા પગથિયે ઊભા રહે છે. દેશના ટોચનાં ૩૦ શહેરોનાં નવાં સર્વેક્ષણ બતાવે છે કે કુલ પંદર લાખ મકાનો આ શહેરોમાં તૈયાર થઈને ખરીદનારાઓની રાહ જોઈને ઊભાં છે. ઉપરાંત બીજા લાખો મકાનો અધૂરાં છે અને એનાં બાંધકામો પૂરા થવાની તૈયારીમાં છે. પછી એમણે પણ પુરોગામી ભવનોની જેમ રાહ જ જોવાની છે.

શેરબજારમાં સુધારાનું હવામાન શરૂ થયું હોવાનું એક બીજું પણ કારણ છે કે ત્રીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો જાહેર થવા લાગ્યાં છે અને તે ઘણાં જ સારાં છે. આમ તો છેલ્લા બે-ત્રણ દિવસથી બજારમાં નવો પવન અનુભવાય છે. વિદેશી રોકાણકારોની લેવાલી પણ નવેસરથી શરૂ થઈ છે. સારા વરસાદને કારણે આવનારા તહેવારોમાં તેજીના તોખાર જેવી ખરીદી નીકળવાની બજારને આશા બંધાઈ છે એનાથી પણ બજારમાં તેજીનો ચમકારો દેખાય છે. દેશના સામાન્ય નાગરિકોની બચતનું સ્તર છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી ઓછું છે. નાગરિકોની જૂની બચતો ઘસાઈ ગઈ છે અને હવે નવી બચતોનું સર્જન કરવું આસાન નથી.

દેશના મધ્યમવર્ગના ૮૦ ટકા પરિવાર એવા છે કે એમને માટે નવી બચત હવે એક કલ્પનાનો વિષય છે. જ્યારે દેશના સામાન્ય નાગરિકોની બચત ક્ષમતા ઘટે ત્યારે સંપત્તિઓના વેચાણમાં મંદીનો માહોલ શરૂ થાય છે, કારણ કે સંપત્તિની કિંમતના ૨૦ ટકા બચત હોય તો નાગરિક એ પ્રાથમિક મૂડીને આધારે બાકીની ૮૦ ટકા રકમની લોન લઈને પોતાના સપનાઓને સાકાર કરે છે.

સ્વ.શ્રી રામભાઈ જેઠાભાઈ બોરીચાની સાતમી પુણ્યતિથિ નિમિતે તુલસી રોપાનું વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

સ્વ. શ્રી રામભાઈ જેઠાભાઈ બોરીચાની સાતમી પુણ્યતિથિ નિમિતે પરિવારના મોભી રાજુભાઈ રામભાઈ બોરીચાના સહયોગથી તુલશી રોપા વિતરણ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, મેયર ડો. પ્રદિપભાઈ ડવ, ડે. મેયર દર્શિતાબેન શાહ, પાર્ટી નેતા વિનુભાઈ ધવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, શહેર યુવા ભાજપ પ્રમુખ કિશનભાઈ ટીલવા, શહેર ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ લલીતભાઈ વાડોલીયા, શહેર કિશાન મોરચાના પ્રમુખ ભરતભાઈ શીંગાળા, આ પ્રસંગે સ્વામિનારાયણ સંત શાસ્ત્રી શ્રી ભક્તિપ્રકાશદાસજી ખાસ ઉપસ્થીત રહયા હતા, તેમજ વોર્ડ નં.૧૧ના કોર્પોરેટરઓ વિનુભાઈ સોરઠીયા, પ્રજાપતિ લીલુબેન સી. જાદવ ભારતીબેન ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, શહેર મહિલા મોરચા પ્રભારી મયુરીબેન ભાલાળા, વોર્ડ મહિલા મોરચાના પ્રમુખ હેમીબેન ભલસોડ, ગીતાબેન શીશાંગીયા, શકિતસિંહ ઝાલા, કાનાભાઈ મિયાત્રા, વોર્ડ પ્રમુખ સંજયભાઈ પીપળીયા, શૈલેષભાઈ બુસા પ્રભારીઓ રાજુ ભાઈ માલધારી, જીજ્ઞેશભાઈ જોષી,મહા મંત્રીઓ હરસુખભાઈ માકડીયા, દશરથસિંહ જાડેજા, હિતેષભાઈ ઢોલરીયા, રવિભાઈ ઠાકોર બક્ષીપંચ મોરચાના મહામંત્રીઓ રત્નાભાઈ રબારી, જે.પી. ધામેચા વોર્ડના આગેવાનો શૈલેષભાઈ પરસાણા, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, મુકેશભાઈ પંડીત જીજ્ઞેશભાઈ અધ્યારૂ, બોરીચા પરિવારના સભ્યો વિનુભાઈ બોરીચા, અમરીશભાઈ બસીયા, સંજયભાઈ બસીયા, દિનેશકુમાર ડાંગર, રવિકુમાર વાંક વગેરે બહોળી સંખ્યામા હાજર રહયા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વોર્ડ નં. ૧૧ બક્ષીપંચ મોરચાના પ્રભારી મયુરભાઈ પરમાર, પ્રમુખ ધર્મેશભાઈ સોલંકી, મહામંત્રી મનિષભાઈ ચાવડા, વેલાભાઈ ગમારા, કિશનભાઈ જોગસવા, કિશોરભાઈ પરમાર, અંકુરભાઈ ધામેલીયા, વિનુભાઈ ઈસોટીયા, રાજુભાઈ ખુમાણ, અતુલભાઈ રાઠોડ, મિતેષભાઈ દાસોટીયા, રાજુભાઈ ગઢવી, મહેશભાઈ રાઠોડ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

અખિલ ભારતીય કોળી સમાજની પ્રદેશ કારોબારી બેઠક ભાવનગર ખાતે યોજાશે

સંગઠન, સામજિક, શૈક્ષણિક, આર્થિક અને વિધાનસભાની ચૂંટણી અંગે પણ ચર્ચા કરવામાં આવશે

(અજય શિયાળ દ્વારા)

ભાવનગર, તા.૨૯

અખિલ ભારતીય કોળી સમાજ (રજી.) ન્યુ દિલ્હી સંગઠન કોળી સમાજનું એકમાત્ર રાષ્ટ્રીય સંગઠન છે અને ૧૮ થી વધુ રાજ્યોમાં આ સંગઠન હાલમાં કાર્યરત છે.

આ સંગઠનનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં થોડા સમય પહેલાં જ સુરત ખાતે સુવર્ણ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી દ્વારા વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉદબોધન આપેલ હતું. નવનિયુક્ત હોદેદારોની પ્રથમ કારોબારી બેઠક આગામી ૩૦ જુલાઈને શનિવારના રોજ ભાવનગર ખાતે મળી રહી છે. જેમાં રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ, પ્રદેશ યુવા અધ્યક્ષ તથા પ્રદેશના યુવા હોદેદારો, જિલ્લા પ્રમુખો, મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે અને કોળી સમાજના સંગઠન ને વધુમાં વધુ મજબૂત બનાવવા તથા સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે સમાજ પ્રગતિ કરે તેના માટે ચર્ચા કરવામાં આવશે તેમજ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોળી સમાજનું પ્રતિનિધિત્વ વધે અને સમાજના શિક્ષિત અને યુવા નેતાઓને વધુ તક મળે તે માટે પણ ચર્ચા કરવામાં આવશે અને તમામ રાજકીય પક્ષો પાસે માંગણી મુકવામાં આવશે.

જ્યારે ૩૧ જુલાઈને રવિવારના બપોરે ૨:૩૦ વાગે અખિલ ભારતીય કોળી સમાજનું ખુલ્લું અધિવેશન ઓમ પાર્ટી પ્લોટ ચિત્રા,ભાવનગર યોજાશે.

જેમાં અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ અજીતભાઈ પટેલ, સાંસદ ભારતીબેન શિયાળ, રાષ્ટ્રીય મહામંત્રી મનુભાઈ ચાવડા, ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ રૂત્વિકભાઈ મકવાણા સહિતના કોળી સમાજના હોદેદારો અને આગેવાનો આ બેઠકમાં ઉપસ્થિત રહેશે અને સમાજના વિવિધ મુદ્દે ચિંતન કરવામાં આવશે. તેવું અખિલ ભારતીય કોળી સમાજ ગુજરાત પ્રદેશ મીડિયા યુવા કન્વીનર અજય શિયાળની યાદીમાં જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિ.ના જુદા જુદા ૪૯ કોર્સની ૩ ઓગસ્ટથી પરીક્ષા શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૩ ઓગસ્ટથી શરૂ થતી પરીક્ષામાં મોટાભાગના વિદ્યાર્થીઓ ૨૦૧૬ અને ૨૦૧૯ના વર્ષના છે. જેમાં બી.એ. સેમેસ્ટર-૧ના ૩૩૮૩ વિદ્યાર્થી, બી.એ. સેમેસ્ટર-૩ના ૨૬૯૧, બીબીએ સેમેસ્ટર-૧ના ૧૭૦૦, બીબીએ સેમેસ્ટર-૩ના ૯૨૫, બી.કોમ. સેમેસ્ટર-૧ના ૬૦૧૬, બી.કોમ. સેમેસ્ટર-૩ના ૬૪૭૮, બીસીએ સેમેસ્ટર-૧ના ૧૦૫૫, બીસીએ સેમેસ્ટર-૩ના ૮૩૨, બીએસ.સી. સેમેસ્ટર-૧ના ૧૪૬૧, બીએસ.સી. સેમેસ્ટર-૩ના ૧૧૬૯ ઉપરાંત બી.એડ.ના ૪૧૧૫ સહિત કુલ ૨૪,૫૭૩ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા છેલ્લા કેટલાક સમયથી ૨૦૧૬ અને ૨૦૧૯ના વર્ષમાં એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા લઇ રહી છે ત્યારે આગામી તા.૩ ઓગસ્ટથી યુનિવર્સિટીના ૨૪૫૭૩ વિદ્યાર્થીની પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. જુદા જુદા ૪૯ કોર્સના વિદ્યાર્થીની પરીક્ષા રાજકોટ સહિત ૩૫ કેન્દ્ર ઉપર લેવાશે. આ પરીક્ષા માટે યુનિવર્સિટીએ ૩૦ જેટલા ઓબ્ઝર્વર પણ નિયુક્ત કર્યા છે જે પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા લેવાય તેનું મોનિટરિંગ કરશે.

રાજકોટ ક્રાઈમ

મકાનના તાળા તોડી ૬૨ હજારની ચોરી

રાજકોટ : શહેરના કૃષ્ણનગર મેઈન રોડ પર હરિદ્વાર સોસાયટીમાં રહેતા ભાવનાબેન મહેન્દ્રભાઈ ભાડેશીયા (ઉ.૫૦) નામના મહિલાના બંધ મકાનના ૨૬ તારીખ રાતથી ૨૭ તારીખ સવારના ૭ વાગ્યા સુધીમાં તાળા તોડી અજાણ્યા તસ્કરો કબાટમાંથી એક સોનાનો ચેઈન, એક વીટી તથા ૪ હજાર રોકડા સહીત ૬૧,૭૦૦ની ચોરી કરી નાશી જતા માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ મોહન મહેશ્વરી સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે.

ધો.૧૦ની છાત્રાએ ઝેર પી જીંદગી ટૂંકાવી

ગુરૂવાર કુવાડવા ગામમાં રહેતી ધો.૧૦ની છાત્રાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. તેણે પિતાને મોબાઈલ લઈ દેવાનું કહેતા તેણે થોડા સમય બાદ લઈ દેવાનું કહેતા લાગી આવતા આ પગલું ભરી લીધાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ કુવાડવા ગામમાં રહેતી અને ધો.૧૦માં અભ્યાસ કરતી ખુશી દેવાભાઈ બાવળીયા નામની ૧૫ વર્ષની તરૂણીએ આજે સવારે ઘરે ઝેરી દવા પી લેતા તેને તાત્કાલ કુવાડવા આરોગ્ય કેન્દ્રએ ખસેડાઈ હતી. જયાં ફરજ પરના તબીબે તેને મૃતજાહેર કરી હતી. જાણ થતાં કુવાડવા પોલીસનાં જમાદાર અક્ષય ડાંગરે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

કરિયાણાની દુકાનમા એક લાખની ચોરી

રાજકોટ, ગુરૂવાર ગાયકવાડીમાં ગાયત્રી દર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં વસુધા સોસાયટીમાં વિશાલ માર્ટ નામની કરિયાણાની દુકાન ચલાવતા વિશાલ દયાલદાસ સંતગાણી (ઉં.વ.૩૧) ની દુકાનને નિશાન બનાવી તસ્કરો દુકાનના ઉપરના પતરા તોડી દુકાનના ગલ્લામાં રાખેલી રૂા.૭૦હજારની રોકડ અને રૂા.૩૦ હજારનો સામાન મળી કુલ રૂા.૧ લાખની ચોરી કર્યાની પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની એક ટીમ કાબુ બહાર...??!

લાખોનો તોડ કરનાર ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇને છાવરનાર કોણ??

સાતડા ગામે ઘોડી પાસાનો જુગાર રમતા આરોપીને પકડીને કેસ કરીને પણ ૩૫ લાખથી વધુનો તોડ કર્યાની ચર્ચા

ગત તા.૧૮ના રોજ પીએસઆઇ કે. ડી. પટેલ અને તેની ટીમે દરોડો પાડીને કુવાડવાના સાતડામાં વાડીમાં ઘોડીપાસા રમતાં ૬ પકડાયા, ૬ ભાગી ગયા હતાઃ ૧॥ લાખની રોકડ અને ૨૩ હજારના મોબાઈલ ફોન કબ્જે કરાયા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૯

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ અવાર નવાર ચર્ચાઓમાં આવતી રહેતી હોય છે. અગાઉ તોડકાંડમાં આવ્યા બાદ સમગ્ર ક્રાઇમ બ્રાન્ચને ઉથળ પાથલ કરી દેવામાં આવી હતી. અને નવી ભરતી કરવામાં આવી હતી પણ તેમા અમુક કર્મીઓની ટીમે હજુ પણ પોતાના લખણ ઝળકાવવવાનું ચુકતા નથી તેવી હકીકતો સામે આવી રહી છે.!! હાલમાં ફરી ક્રાઇમ બ્રાન્ચ તોડ કરવાનું શરૂ કરી દીધાની ચર્ચાઓ તો ઘણા સમયથી બજારમાં ફરે જ છે ત્યારે ક્રાઇમ બ્રાન્ચની એક ટીમ કે જે તોડ કરવામાં માસ્ટર બની ગઇ છે! અને હવે આગામી સમયમાં જો ઉચ્ચ અધિકારીઓ ધ્યાન નહીં આપે તો કદાચ પી એચડી પણ કરી લેશે જ. ક્રાઇમ બ્રાન્ચ પીએસઆઇ કે.ડી.પટેલની ટીમે આજ સુધીમાં અનેક તોડ કર્યાના આક્ષેપો સમયાંતરે થતા રહ્યા છે.પણ જેમાંથી ૫ થી ૬ તોડકાંડ બજારમાં ફરતા થયા હતા પરંતુ ઉચ્ચ અધિકારીઓને તેમા જ કદાચ રસ હશે?? તેવુ સ્પષ્ટ પણે કહી શકાય!. કે.ડી.પટેલની ટીમ જુગારીઓ પાસેથી તોડ કરવો હોય, નામ ન ખોલવુ હોય કે મોટા દારૂના જથ્થાને ઓછો દેખાડીને કટકી કરવી હોય તેમાં માસ્ટર બની? ગયાનું ચર્ચાઇ છે ત્યારે તાજેતરમાં એક નવા તોડકાંડે અનેક ચર્ચાઓ જગાવી છે. ગત તા.૧૮ના રોજ કુવાડવા નજીકના સાતડા ગામે વાડીમાં ઘોડીપાસાનો પાટલો ચાલુ થયાની બાતમી પરથી ક્રાઇમ બ્રાંચે દરોડો પાડી છ શખ્સોને પકડી લઇ દોઢ લાખની રોકડ કબ્જે કરી હતી. દરોડો પડતાં છ શખ્સો ભાગી ગયા હતાં. ક્રાઇમ બ્રાંચની ટીમે સાતડા ગામે કરસન લક્ષ્મણભાઇ પડેશા (આહિર) (રહે. જમુના પાર્ક મોરબી રોડ રાજકોટ)ની વાડીમાં દરોડો પાડી તેને તથા ઘોડીપાસાનો પાટલો ચાલુ કરનાર સુત્રધાર બસીર ઉર્ફ કાળો હુશેનભાઇ જેસાણી (રહે. જંગલેશ્વર-૨૮ નદી કાંઠે), મુકેશ લક્ષ્મીદાસ કોટક (રહે. સોની બજાર દરબાર ગઢ હવેલી પાછળ), રજાક નુરમહમદ ચુડાસમા (રહે. નવા થોરાળા રામનગર-૧૦), સુલતાન હારૂનભાઇ જાફરાણી (રહે. ભગવતીપરા-૧૧) અને સિકંદર દિલાવરભાઇ બ્લોચ (રહે. બોટાદ)ને પકડી લઇ રૂા. ૧,૫૧,૦૦૦ રોકડા તથા રૂા. ૨૩ હજારના પાંચ મોબાઇલ ફોન મળી રૂા. ૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડો પડતાં બોબી સંધી (કોઠારીયા સોલવન્ટ), ભુરો દેવીપૂજક (કુબલીયાપરા), કુખ્યાત ઇબ્રાહીમ ઉર્ફ ઇભલો કરીમભાઇ કાથરોટીયા (મોરબી રોડ ચામડીયાપરા ખાટકીવાસ), કરણ કાઠી ઉર્ફ જીણો દદુભાઇ ચાવડા (રૂખડીયાપરા), વિપુલ ભીમભાઇ ગઢવી (બોટાદ) અને બીજો વાડી માલિક દિલીપ હમીરભાઇ પરેશા ભાગી છુટયા હતાં. પરંતુ આ પકડાયેલા આરોપીને પકડીને પોલીસ સ્ટેશન લાવીને તમામ પાસેથી મલાઇ તારવવામાં આવી હતી અને એક પાસેથી ૩ લાખથી વધુનો તોડ કર્યાની ચર્ચાઓ ઉઠવા પામી છે. ત્યારે કુલ ૩૫ લાખથી વધુ રકમ ક્રાઇમ બ્રાન્ચના હોનહાર પીએસઆઇ પટેલે મેળવી હોવાના સમાચારો વાયુવેગે ચર્ચાઇ રહ્યા છે. અગાઉ પણ દારૂની બોટલો ઓછી બતાવવી, દારૂ ભરેલી એમ્બ્યુલન્સને તોડ કરીને જવા દેવી જેવા કાંડમાં પટેલનું નામ ઉછળ્યુ હતું?! ત્યારે પીએસઆઇ પટેલની ટીમ હાલમાં પીઆઇની પણ ખાસ ટીમ બની ગઇ છે કારણકે કદાચ કમાઇને દેતી હશે માટે બની શકે.?! અગામી સમયમાં પો.કમીશનર કોઇ પગલા લેશે કે તેમને પણ જે ચાલે છે તેમ જ ચલાવવવામાં રસ છે તેવી શહેર ભરમાં ચર્ચાઓ જાગી ઉઠી છે. (૪)

તપાસ એરપોર્ટ પોલીસને સોંપાઇ તો તેને પણ નાનો તોડ કરી જ લીધો?

રાજકોટઃ સમગ્ર મામલાનો કેસ કરીને આગળની તપાસ એરપોર્ટ પોલીસને સોંપવામાં આવી તો તેને પણ વધી ઘટી મલાઇ તારવી લેવામાં હાથ અજમાવ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. ક્રાઇમ બ્રાન્ચની તોડકાંડ ટીમે તોડ કરીને બાદમાં સમગ્ર કેસ આગળની તપાસ માટે એરપોર્ટ પોલીસને સોંપી દીધો હતો તો એરપોર્ટ પોલીસે તમામ આરોપીની ગાડીઓ છોડવા એક ગાડીએ ૫૦ હજાર લીધાનું જોરશોરથી ચર્ચાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

સમગ્ર તોડકાંડ ક્રાઇમ બ્રાન્ચના ડીસીપી, એસીપી તેમજ પીઆઇની જાણમાં કે જાણ બહાર??

રાજકોટઃ સમગ્ર તોડ પ્રકરણની જાણ પીએસઆઇ કે ડી પટેલ સુધી જ છે ??! કે પછી સમગ્ર પ્રકરણની જાણ ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બસીયા તેમજ પીઆઇ વાય.બી.જાડેજાને છે કે નહીં તે તો અંદરની વાત છે પણ જો જાણ હોય તો પગલા લેવામાં કેવામાં કેમ નથી આવતા તે પણ ચર્ચાનો વિષય છે. ક્રાઇમ બ્રાન્ચની છબી સુધારવા નવી ટીમો બનાવવામાં આવી હતી પરંતુ તેઓને ખાલી તોડ કરવામાં જ રસ હોય તેવા બનાવો સામે આવી રહ્યા છે. તે ખરેખર ચિંતાનો વિષય છે. ખરેખર ઉચ્ચ અધિકારીઓએ મુદો ગંભીરતાથી લઇને કડક પગલા લઇને ક્રાઇમ બ્રાન્ચમાં થતા તોડકાંડ બંધ કરાવવા ખૂબ જ જરૂરી છે.



બરસાત કે મૌસમ મેં, તન્હાઇ કે આલમ મેં, દારૂ પકડ કે આયા ૧૪ પેટી ચુરા લાયા...??

૧૪ પેટી દારૂ ક્યાં ગયો, બાતમીદારને અપાયો કે પછી...?

અગાઉ પણ દારૂ મામલે જોરશોરથી ચર્ચાઓ જાગી હતી

વાહનોમાં 'પોલીસ' લખાવેલ હોય અને કવાર્ટર ખાલી કરવાનો આદેશ આપતા પો.કમિશનર ક્રાઇમ બ્રાન્ચના તોડ બાજ કર્મીઓ સામે કેમ પગલા લેતા નથીઃ ટોક ઓફ ધ ટાઉનનો મુદ્દો

રાજકોટઃ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે ચાર્જ સાંભળ્યો એના થોડા જ દિવસ બાદ સુધારાની શરૂઆત ઘર આંગણેથી જ કરી હતી અને વાહન નિયમન ભંગ અંગે દંડ, વાહન ડિટેનની કાર્યવાહી શરૂ કરાવી હતી. એ પછી તેમણે તમામ અધિકારી અને કર્મચારી સ્ટાફને પોતાના વાહનોમાંથી પોલીસના લોગો કે વાહનમાં પોલીસનું બોર્ડ રાખવાની મનાઇ ફરમાવી હતી. એક અઠવાડિયા સુધી ઝુંબેશ ચાલુ રાખ્યા બાદ જે કોઇ પોલીસના વાહનોમાં પોલીસ લખેલું કે પોલીસનો લોગો દેખાશે તો તેમને હેડકવાર્ટરમાંથી લાઇન આઉટ (કવાર્ટર ખાલી કરી દેવા) કરી દેવાશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. આમ છતાં કેટલાક પોલીસ સ્ટાફે બોર્ડ નહી કાઢતા આવા સાત કર્મચારીને કમિશનરના નિયમનું પાલન ન કરવા અને શિસ્તભંગ બદલ દિવસ-૭માં કવાર્ટર ખાલી કરી દેવાની નોટીસ ફટકારતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે તો સાથે કચવાટની લાગણી પણ પેદા થઈ હતી. શિસ્તમાં હંમેશા માનનારા પો.કમીશનરને અંધારામાં રાખી ક્રાઇમ બ્રાન્ચની ટીમો દ્વારા અનેક જગ્યાઓએ તોડ કરવામાં આવી રહ્યા ની ચર્ચાઓ ફરતી રહેતી હોય છે. ખરેખર કમીશનરે કડક વલણ અપનાવીને તેની સામે કાર્યવાહી કરવી જોઇએ તેવુ શહેરીજનોમાં ચર્ચાઇ રહ્યું છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમો દ્વારા કમીશનરે ચાર્જ સંભાળ્યા બાદ પણ ઘણા તોડ પાણી કરવામાં આવ્યા છે તેની તપાસ કરીને કમીશનરે આકરૂ વલણ અપનાવીને પાઠ ભણાવવો ખુબ જ જરૂરી બન્યો છે. નહીંતર આ પ્રક્રિયા ક્યારે પૂર્ણ થશે તે કહી જ ન શકાય.(૪)

વધુ આવતા અંકે...

સતત પાંચમાં વર્ષે માતા-પિતા કે પિતાની છત્રછાયા ગુમાવેલી ૨૨ દીકરીઓના જાજરમાન લગ્ન કરાશે

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ દ્વારા ડિસેમ્બરમાં યોજાશે 'વહાલુડીના વિવાહ' લગ્નોત્સવ

વહાલુડીના વિવાહ ૫
૨૨ દીકરીઓનો લગ્નોત્સવ
ROKAD

જાણીતા બિલ્ડર રોકડ ગ્રુપ મુખ્ય યજમાન, ૨૭મી ઓગસ્ટ સુધી લગ્નના ફોર્મ ભરીને પરત આપવા માટેની ગોઠવાઈ વ્યવસ્થા

દીકરીઓને દાતાઓના સહયોગથી કરિયાવરમાં ૨૦૦ થી વધુ વસ્તુઓ ઉપરાંત શહીદ જવાનોની દીકરીને રૂા.૫ લાખનો કરિયાવર અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

સમાજથી અને ઘરથી તરછોડાયેલા નિરાધાર માવતરોની છેલ્લા ૨૪ વર્ષથી સેવા કરી રહેલું 'દીકરાનું ઘર' દ્વારા ૨૦૧૮ થી માતાપિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ નિરાધાર, નિ:સહાય, લાચાર, અત્યંત ગરીબ પરિવારની દીકરીઓના લગ્નનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવે છે. વહાલુડીના વિવાહ શીર્ષક હેઠળ યોજાતો આ લગ્નોત્સવ આજે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સ્વીકૃત બન્યો છે. વહાલુડીના વિવાહ એ માત્ર દીકરાનું ઘરનો પ્રસંગ ન બની રહેતા સમગ્ર સમાજનો પ્રસંગ હોય એ રીતે દિવ્ય અને ભવ્ય બની રહે છે.

છેલ્લા ચાર વર્ષમાં વહાલુડીના વિવાહ અત્યંત જાજરમાન રીતે એક શ્રીમંત પિતા જે રીતે પોતાની દીકરીનો પ્રસંગ ઉજવે એ રીતે ઉજવવામાં આવે છે. ચાલુ ચાલ પણ આ અદકેરૂ આયોજન હાથ ધરાયું છે. તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. 'વહાલુડીના વિવાહ-૫' ના મુખ્ય યજમાન પદે માતુશ્રી મણીબેન તથા પિતાશ્રી રવજીભાઈ રોકડની સ્મૃતિમાં શહેરના જાણિતા બિલ્ડર ધીરૂભાઈ રોકડ-પારૂલબેન રોકડ પરિવાર જોડાયો છે. આગામી ડિસેમ્બર માસમાં સતત પાંચમાં વર્ષે વહાલુડીના વિવાહ- ૫ ગરીમાપૂર્ણ રીતે યોજાશે. ચાલુ સાલ ફરી એક વખત ૨૨ દીકરીઓને જરૂરીયાત મુજબનો સમૃદ્ધ કરિયાવર અર્પણ કરી તેના સાંસારિક જીવનમાં સુખી થાય એવા આશિર્વાદ સાથે વિદાય આપશે.

આ અંગેની માહિતી આપતા સંસ્થાના મુકેશ દોશી, અનુપમ દોશી, નલીન તન્ના, સુનીલ વોરા, ડો.નિદત બારોટ અને કિરીટ આદ્રોજાએ જણાવ્યું છે કે, આ વખતે લગ્નની વિશેષતામાં ગુજરાતના કોઈપણ ખૂણે દેશ કાજે શહીદ થયેલ જવાનની દીકરી અમારા ધ્યાને આવશે તો આવી દીકરીના તેમની ઈચ્છા મુજબના લગ્ન સંસ્થા દ્વારા કરાવી આપવામાં આવશે. ઉપરાંત પાંચ લાખથી વધુ રકમનું સમૃદ્ધ કરીયાવર પણ આપવામાં આવશે. ગુજરાતના કોઈપણ ખૂણે આવા શહીદ થયેલ જવાનની દીકરી ધ્યાને હોય તો અમારા સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.

વિશેષ માહિતી આપતા મૌલેશભાઈ ઉકાન્ની, શિવલાલભાઈ આદ્રોજા, પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, વસંતભાઈ ગાદેશા, ધીરૂભાઈ રોકડ તેમજ હસુભાઈ રાચ્છે જણાવ્યું છે કે, દીકરાનું ઘર દ્વારા યોજાતા વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં પ્રત્યેક દીકરીઓને સમૃદ્ધ કરિયાવર ભેટરૂપે ૨૦૦ થી વધુ વસ્તુઓ ભેટ આપવામાં આવશે. દીકરાનું ઘર દ્વારા જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સંપ્રદાયના ભેદભાવ વગર આ પ્રસંગ ઉજવવામાં આવે છે.

આ ઉપરાંત વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં ભાગ લેનાર પ્રત્યેક દીકરીઓને સરકાર દ્વારા મળતી સહાય કુંવરબાઈનું મામેરું અને સપ્તપદીના સાત ફેરા હેઠળ સમાજ સુરક્ષા ખાતા તરફથી મળતી સહાય પણ અપાવવામાં સંસ્થા નિમિત બનશે તેમ સંસ્થાના સુનીલ મહેતા, હરેશભાઈ પરસાણા, કિરીટ પટેલ, અશ્વિનભાઈ પટેલ, દિપકભાઈ જલુ ગૌરાંગ ઠક્કર દ્વારા જણાવવામાં આવ્યું છે.

સંસ્થાના ઉપેનભાઈ મોદી, દિપકભાઈ જલુ, હરદેવસિંહ જાડેજા, હરેન મહેતા, રાકેશભાઈ ભાલાળા, પ્રવિણ હાપલીયા, પ્રજ્ઞેશભાઈ પટેલ, શૈલેષ જાની તેમજ ધર્મેશ જીવાણીએ જણાવ્યું છે કે, સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૯૧ દીકરીઓને પરણાવવામાં આવેલ છે. ચાલુ સાલ વધુ ૨૨ દીકરી પ્રભુતામાં પગલા માંડશે. સંસ્થાના કાર્યકર્તામાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. સંસ્થાના ૧૭૧ થી વધુ કર્મઠ કાર્યકર્તાઓએ આ માટેની તૈયાર શરૂ કરી દીધી છે. લગ્ન માટે ફોર્મ વિતરણ તા.૨૭/૭/૨૦૨૨ થી તા.૨૭/૮/૨૦૨૨ સુધી સાંજના ૪ થી ૭ સુધી ૩૦૫, ગુરૂરક્ષા કોમ્પલેક્ષ, ભારત ટ્રાવેલ્સની બાજુમાં, ટાગોર રોડ ઉપર કરવામાં આવશે. જેમા ફોર્મ લેવા આવનાર દીકરીએ ઉંમરનું પ્રમાણપત્ર સાથે લઈ આવવું ફરજિયાત રહેશે.

લગ્નોત્સવ હેલ્પલાઈન

'વહાલુડીના વિવાહ-૫' સંદર્ભે કોઈ માહિતી માટે તથા દીકરીઓને કરીયાવર રૂપી ભેટ આપવા ઈચ્છતા દાતાઓ સંસ્થાના મુકેશ દોશી- ૯૮૨૫૦૭૭૭૨૫, સુનીલ વોરા - ૯૮૨૫૨૧૭૩૨૦, નલીન તન્ના - ૯૮૨૫૭૬૫૦૫૫, અનુપમ દોશી - ૯૪૨૮૨૩૩૭૯૬ ઉપર સંપર્ક કરી શકે છે.

કોંગ્રેસ પ્રજાલક્ષી લડતનો સફળ પડઘો

અંતે પાસપોર્ટ ઓફિસમાં કરાઈ બેસવાની વ્યવસ્થા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

દેશભરમાં કોરોના સંક્રમણ કાબુમાં પથારીએ હોવા છતાં રાજકોટની પાસપોર્ટ ઓફિસમાં જતા અરજદારોને કોવિડના નિયમે તળે ફરજીયાત ઉભા રાખવાના ફતવા સામે કોંગ્રેસ અગ્રીઓ જશવંતસિંહ ભટ્ટી, ગોપાલ અનડકટ, ડી.પી. મકવાણા, ધનશ્યામસિંહ જાડેજા અને રણજીત મુંધવાએ પત્ર લખી આંદોલનની ચીમકી ઉચ્ચારતા તુરંત પાસપોર્ટ ઓફિસના અધિકારીઓ હરકતમાં આવી ગયા હતા અને બેસવા સહિતની તમામ વ્યવસ્થા કરવા કોંગ્રેસના પ્રજાલક્ષી પ્રશ્નો ત્વરીત પડઘો પડયો છે અને જીત થઈ છે.

રાજકોટ શહેર કોંગ્રેસ અગ્રણીઓ જશવંતસિંહ ભટ્ટી, ગોપાલ અનડકવટ, ડી.પી. મકવાણા, ઘનશ્યામસિંહ જાડેજા અને રણજીત મુંધવાની યાદીમાં જણાવાયું છે કે, તાજેતરમાં ગોંડલ રોડ પર આવેલ પાસપોર્ટ ઓફિસમાં બેસતા અધિકારીઓ પોતાની મનમાની મુજબ કોવિડના હોવા છતાં લોકડાઉન જેવા કડક નિયમોનું પાલન કરાવતા હોય તેમજ અરજદારોને ચાર સ્થળોએ વેરિફિકેશન માટે જવાનું હોય ત્યાં તમામ સ્થળોએ કોવિડ ગાઈડલાઈનના બહાના હેઠળ ફરજીયાત ઉભા રાખવામાં આવતા હોય આ અંગે રજૂઆત કરવામાં આવી હતી અને જો ઉકેલ ન આવે તો પ્રજાના પ્રશ્ન માટે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

કોંગ્રેસની પ્રજાલક્ષી લડતને પગલે પાસપોર્ટ ઓફિસના જવાબદાર અધિકારીઓ પણ તુરંત હરકતમાં આવી ગયા હતા અને કોંગ્રેસની રજૂઆતને ધ્યાને લઈ અરજદારોને બેસવા સહિતની સુવિધાઓ તાકીદે ઉપલબ્ધ કરાવી હતી તેમજ આ તકે કોંગ્રેસ આગેવાનોનો પણ આભાર માન્યો હતો અને અન્ય કોઈ સુચના હોય તો પણ ધ્યાન દોરવા અપીલ કરી હતી. પ્રજાના પ્રશ્ન માટે વધુ એક વખત કોંગી અગ્રણીઓની મહેનત રંગ લાવી છે.

'સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨' અંતર્ગત નિઃશુલ્ક કાર્યશાળાઓ યોજાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે વિજ્ઞાન ગુર્જરી મારફત સંસ્થાએ જઈને ૭૫ તજજ્ઞો મારફત ૭૫ સંસ્થાઓમાં સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨' અંતર્ગત નિઃશુલ્ક કાર્યશાળાઓ યોજાઈ રહી છે. વિજ્ઞાન ગુર્જરી - રાજકોટ એકમ મારફત કાર્યશાળાઓની શૃંખલામાં એ.વી. પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટયૂટ (એવીપીટીઆઈ) નાં છાત્રો માટે વિશિષ્ટ વિષય આઈડેન્ટીફાઈંગ પ્રોબ્લેમ્સ એન્ડ ઈનોવેટીવ સોલ્યુશન ઉપર પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. આઈ.એ.એસ. વરૂણકુમાર બરનવાલનાં વ્યાખ્યાનનું આયોજન કરાયેલ હતું. જેમાં ૨૧૦ જેટલા છાત્રોએ વ્યાખ્યાનનો લાભ લઈ વરૂણકુમારજી સાથે પ્રશ્નાવલી કરેલ હતી.

કાર્યશાળામાં વરૂણ કુમાર બરનવાલ, પ્રિન્સીપાલ ડો. એ. એસ. પંડયા, ડો. આર. ડી. રઘાણીલ, ડો. નિકેશ એ. શાહ, ડૉ. પ્રદિપ જોષી, ડો. એચ. એચ. ભટ્ટ, ડો. જે. બી. વાળા, કે. વી. દવે, નિરજ ત્રિવેદી, એચ, જી, અગ્રાવત વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમનું સફળ સંચાલન દર્શિતાબેન પાઠકે કરેલ હતું અને કાર્યક્રમને સફળ બનાવવા જયદિપ, અંકુર, પૂનમ વગેરે છાત્રોએ જહેમત ઉઠાવેલ હતી.

ગરીબ કુંટુંબોના જીવનમાં ઉજાસ પાથરતી પી.જી.વી.સી.એલ

વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૪૩૧ કુંટુંબોને નિઃશુલ્ક વીજ કનેક્શન અપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીને પણ તમામ પાયાની સુવિધાઓ મળે તે રીતે વિવિધ પ્રજાલક્ષી કાર્યો થઇ રહ્યા છે. જે અંતર્ગત રાજ્યના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો માટે સીંગલ પોઇન્ટ પર વપરાશના વીજ જોડાણ વિનામૂલ્યે આપવાના હેતુસર ઝુંપડા વીજળીકરણ યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ પી.જી.વી.સી.એલ રાજકોટ ગ્રામ્ય દ્વારા ૧૧ તાલુકામાં ઝુંપડપટ્ટી વિસ્તારોમાં ૨૦૨૧-૨૨ વર્ષ દરમિયાન રૂ.૫૫ લાખથી વધુના ખર્ચે કુલ ૧૪૩૧ નવા કનેકશન આપવામાં આવ્યા છે. જેમાં જસદણ તાલુકામાં ૧૦.૫ લાખના ખર્ચે ૩૦૦, જેતપુર તાલુકામાં ૧૨ લાખના ખર્ચે ૨૮૦, ગોંડલ તાલુકામાં ૭.૬ લાખના ખર્ચે ૨૧૭, રાજકોટ તાલુકામાં ૭.૮ લાખના ખર્ચે ૧૯૮, ઉપલેટા તાલુકામાં ૫.૩ લાખના ખર્ચે ૧૪૨, વિંછીયા તાલુકામાં ૪.૬ લાખના ખર્ચે ૧૩૧ વીજ કનેક્શન આપવામાં આવ્યા છે. ઉપરાંત જામકંડોરણા, ધોરાજી, પડધરી, લોધિકા અને કોટડાસાંગાણી તાલુકામાં રૂ.૭.૮૫ લાખના ખર્ચે કુલ ૧૬૩ વીજ કનેક્શન આપવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે આ યોજના હેઠળ રાજ્યના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના બી.પી.એલ. લાભાર્થીઓ ઉપરાંત અન્ય ગરીબ કુટુંબો કે જેમની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧.૨ લાખ તથા શહેરી વિસ્તાર માટે રૂ૧.૫ લાખથી વધુ ન હોય તેવા તમામ લોકોને આવરી લેવામાં આવે છે. જેમાં સિંગલ પોઈન્ટ વીજજોડાણ વિનામૂલ્યે આપવામાં આવે છે. ત્યારબાદ વપરાશ મુજબ નિયત ટેરીફનું વીજબીલ જ ભરપાઇ કરવાનું રહે છે તેમ પી.જી.વી.સી.એલ રાજકોટ ગ્રામ્યની યાદીમાં જણાવાયું છે.

પત્ની પર શંકા કરી મોતને ઘાટ ઉતારનાર પતીની જામીન અરજી રદ્

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૯

પત્ની પર શંકા કરી મોતને ઘાટ ઉતારનાર જેલ હવારે રહેલ પતિએ જામીન અરજી કરતા કોર્ટે આરોપીની જામીન અરજી રદ્ કરતો હુકમ કરેલ છે.

આ કેસની હકીકત મુજબ ગત તા.૧૮/૦૨/૨૦૨૨ ના રોજ બામણબોર ગામે રહેતી પરણીતા શોભનાબેન પર શંકા કરી આરોપી પતિ દેવુભાઈ મોહનભાઈ જાખાનીયા રહે. બામણબોર ગામ વાળાએ પત્નીને મોતને ઘાટ ઉતારતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ આરોપીએ જેલમાંથી છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલે જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે, આરોપીએ નજીવી બાબતમાં તેની પત્નીની હત્યા કરી નાખેલ છે. આ કેસમાં નજરે જોનાર સાહેદ આરોપીની માતા તથા તેના બાળકો છે આવા જનુની આરોપીને જામીન આપવા જોઈએ નહીં જે રજૂઆતોને ધ્યાને લઈને સેશન્સ જજ યુ.ટી.દેશાઈ એ આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ્ કરેલ છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાય હતા.

એડવોકેટ: મુકેશભાઈ પીપળીયા

રાજકોટ જિલ્લામાં સોમવારથી વાહન ફીટનેસની કામગીરી ખોખડદળ ખાતે કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૯: રાજકોટમાં મોરબી રોડ પર આવેલ ડુંગળી માર્કેટનાં મેદાનમાં હાલ બસ, ટ્રક, રીક્ષા વગેરે જેવા વાહનોની ફીટનેસ કામગીરી કરવામાં આવી રહી છે. જે આગામી તા.૧-૮ થી ખોખડદળ ખાતે આર.ટી.ઓ.ની નવી જગ્યા GETCO સબ ડીવીઝન પાસેની ખુલ્લી જગ્યામાં કરવામાં આવશે. જેની જિલ્લાના મોટરીંગ પબ્લીક નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

વોર્ડ નં.૧૭ માં શિવમંદિરોમાં સફાઈ ઝુંબેશ

જાગૃત કોર્પોરેટર કીર્તિબા રાણા દ્વારા શિવાલયો આસપાસ ડીડીટીનો પણ છંટકાવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

આજથી શિવજીને અતિ પ્રિય એવા શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. ત્યારે જન સમુદાય શિવજીનું પૂજન-અર્ચન-અભિષેક અને આરાધનામાં લીન બની ધન્યતા અનુભવશે. જેથી શહેરના વોર્ડ નં.૧૭ ભાજપના જાગૃત કોર્પોરેટર કીર્તીબા રાણા દ્વારા વોર્ડમાં આવતા શિવમંદિરોમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરી ડી.ડી .ટી. છંટકાવ કરાવવામાં આવેલ હતો. સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન શિવમંદીરોમાં દર્શનાર્થીઓની ભારે ભીડ રહેતી હોય મંદિરોમાં આવતા દર્શનાર્થીઓમાં મંદિરોમાં સઘન સફાઈ ઝુંબેશથી ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને દર્શનાર્થીઓએ આ કામગીરીને બીરદાવી કોર્પોરેટર કીર્તીબા રાણાને અભિનંદન પાઠવેલ હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

કેજરીવાલ ફરી એક વખત ચાર દિવસ ગુજરાતની મુલાકાતે આવશે

તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજ્યભરમાં નેતાઓની અવારનવાર મુલાકાતો થઈ રહી છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ આગામી થોડા દિવસોમાં સતત ગુજરાતના પ્રવાસે રહેશે. કેજરીવાલ આ મહિનામાં બે વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે. મળતી માહિતી મુજબ ઓગસ્ટ મહિનામાં અરવિંદ કેજરીવાલની ઘણી મુલાકાતો ગુજરાતમાં હશે. તેઓ ૧, ૬, ૭ અને ૧૦ ઓગસ્ટના રોજગુજરાતના પ્રવાસે હશે. દિલ્હી બાદ પંજાબમાં શાનદાર પ્રદર્શનથી 'આપ'ના નેતાઓ અને કાર્યકરો ઉત્સાહિત છે. પોતાની તાકાત વધારવામાટે અરવિંદ કેજરીવાલની નજર આ વર્ષે યોજાનારી ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણી પર છે. અરવિંદ કેજરીવાલ ૧ ઓગસ્ટના રોજ ગુજરાતના સોમનાથમાં એક કાર્યક્રમને સંબોધિત કરશે. આ પછી, આ મહિનામાં તેની ઘણી ટુર છે.(૯)

બે ફલાઈટ મોટી દુર્ઘટનામાંથી ઉગરી

પર લાવવા કોશીશ થઈ હતી પરંતુ નિષ્ફળતા મળતા આ ફલાઈટ રદ કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં હાલ વિમાન ટેકનીકલ ક્ષતિ માટે જબરી ચર્ચામાં રહેલી સ્પાઈસ જેટની મુંબઈ-કંડલા ફલાઈટ આખરી ઘડીએ રદ કરવામાં આવી હતી. આ વિમાન ઉડાનની તૈયારીમાં જ હતું તે સમયે જ વિમાનના પાઈલોટને સાવચેતીનું એલર્ટ મળતા જ વિમાનને પરત રન-વે પર પાર્ક કરીને તેમાં સવાર તમામ મુસાફરોને સલામત ઉતારી લેવામાં આવ્યા હતા. સ્પાઈસ જેટના મુસાફર વિમાનમાં જે રીતે સતત ટેકનીકલ ક્ષતિઓ સર્જાઈ રહી તે બાદ આ એરલાઈનના ૫૦% ઉડ્ડયન હાલ રદ કરવા આદેશ અપાયા છે.(૯)

નાના વેપારીઓને મળશે સસ્તી લોનઃ કાર્ડની ક્રેડિટ મર્યાદા ૫૦,૦૦૦થી લઈને ૧ લાખ સુધીની હશે

સરકારે તેનો સ્વીકાર કરી લીધો છે અને ટૂંક સમયમાં આ યોજના લાગુ કરવામાં આવશે.

સમિતિએ માત્ર એમએસએમઈ મંત્રાલયના ઉધમ પોર્ટલ પર નોંધાયેલા ઉદ્યોગસાહસિકોને જ બિઝનેસ ક્રેડિટ કાર્ડ આપવાની ભલામણ કરી છે. આવા કરોડો ઉદ્યોગો છે જેમણે એન્ટરપ્રાઇઝ પોર્ટલ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું નથી. વ્યાપર ક્રેડિટ કાર્ડની શરૂઆત સાથે આ સાહસિકો એન્ટરપ્રાઈઝ પોર્ટલ સાથે પણ જોડાઈ જશે. બિઝનેસ ક્રેડિટ કાર્ડ જારી કરવાથી કરિયાણાની દુકાનદારો અને સલૂન માલિકોને પણ મદદ મળશે.

ઉધમ પોર્ટલ પર નોંધણી થતાંની સાથે જ ઉદ્યોગસાહસિકોને બિઝનેસ ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે. બેંકોએ નક્કી કરવું જોઈએ કે તેઓ MSMEને કેટલી મોટી લોન આપવા માંગે છે. ક્રેડિટ કાર્ડ વડે સામગ્રી, સાધનો ખરીદવાની સુવિધા. જેમ જેમ ધંધાની આવક વધે છે તેમ તેમ ક્રેડિટ લિમિટ પણ વધે છે. ક્રેડિટ કાર્ડ દ્વારા લોયલ્ટી પોઈન્ટ્સ, પુરસ્કારો, કેશબેક અને અન્ય લાભો મેળવો. આંકડામાં નજર કરીએ તો દેશમાં ૬.30 કરોડ નાના અને ૩.૩૧ લાખ નાના ઉદ્યોગો છે. ૧.૫ કરોડથી ઓછા MSMEને બેંકો પાસેથી લોન મળે છે. દેશમાં ૦૫ હજારથી વધુ મધ્યમ કદના રજિસ્ટર્ડ ઉદ્યોગો છે.(૯)

૬૦૦ ફૂટ ઊંડા બોરમાં ૬૦ ફૂટે ફસાયેલી દીકરીને બચાવી લેવાઈ, ધ્રાંગધ્રામાં આર્મીનું દિલધડક ઓપરેશન સફળ

મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ધ્રાંગધ્રા આર્મી, પોલિસ અને આરોગ્ય વિભાગની ટીમ એમ્બ્યુલન્સ વાન સાથે તાકીદે ગાજણવાવ ગામે દોડી જઇ યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તેને બચાવવા માટે બોરની અંદર સતત ઓક્સિજન મોકલવામાં આવ્યો હતો. આર્મી દ્વારા તેને હેમખેમ બચાવી લેવામાં આવી છે.

આર્મિના જવાનોએ ૧૨ વર્ષની બાળકી મનીષાને હેમખેમ બહાર કાઢી હતી. બાદમાં ૧૨ વર્ષની બાળકીને બેભાન અવસ્થામાં તાકીદે સારવાર અર્થે એમ્બ્યુલન્સ વાનમાં ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલે લઇ જવામાં આવ્યા હતા.(૯)

રાજકોટ શહેર કોંગ્રેસ અગ્રણી પ્રભાતભાઈ ડાંગરનો આજે જન્મદિવસ

રાજકોટ: રાજકોટ શહેર કોંગ્રેસ અગ્રણી અને જાણીતા બિલ્ડર એવા પ્રભાતભાઈ ડાંગરનો આજે જન્મદિવસ છે. આજે ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. બહોળું મિત્ર વર્ગ ધરાવતા મિત્રો તરફથી તેમના મો.નં. ૯૭૨૩૦ ૮૮૮૮૮ પર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી જન્મદિવસ પર શુભકામનાઓ...

ગોપિ આવે છે. તમારા ઘેર....
ગોપિ ચા
હંમેશા દ્હેજતદાર અને સ્વાદિષ્ટ
Packed & Marketed By
NYARI CORPORATION
Website : www.nyaricorporation.com/ Email : info@nyaricorporation.com
Ph. : 02820-282512/Mo. +91 96014 66409

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

હરહર મહાદેવનો નાદ ગુંજયોઃ શ્રાવણ માસનો પ્રારંભ

સોમવારે ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે શિવતાંડવ ધ્યાન, શિવસૂત્ર પ્રવચન માલા- સંધ્યા- ધ્યાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૯: આગામી તા.૧ ને સોમવારનાં રોજ શ્રાવણ માસનો પ્રથમ સોમવારનાં સાંજના ૬:૩૦ થી ૮ દરમ્યાન શિવતાંડવ ધ્યાન ઓશોની શિવસૂત્ર પરની પ્રવચન માલા તથા સંધ્યા સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત શિવતાંડવ ધ્યાન તથા શિવસૂત્ર પરની પ્રવચન માલામાં સહભાગી થવા ઓશો સન્યાસી તથા પ્રેમીઓએ સ્વામિ સત્ય પ્રકાશો હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે. સ્થળઃ- ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિર, ગોંડલ રોડ, વિવેકાનંદ ઓવરબ્રિજ પાસે વૈદવાડી. વિશેષ માહિતી માટેઃ- સ્વામિ સત્ય પ્રકાશઃ- ૯૪૨૭૨૫૪૨૭૬, સંજીવ રાઠોડઃ- ૯૮૨૪૮૮૬૦૭૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ

ધારીના જીવનમુક્તેશ્વર આશ્રમમાં શ્રાવણ માસની ઉજવણી

આખો મહિનો રૂદ્રાભિષેક મંત્ર અનુષ્ઠાન, સામુહિક શિવપૂજન વગેરેનું આયોજન

ધારી, તા.૨૯

સૌરાષ્ટ્રમાં અમરેલી જીલ્લામાં ધારી મુકામે શેત્રુંજી નદીને કાંઠે નબાપરામાં ૫૦૦ વર્ષો પુરાણું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ, દર્શનીય પાર્વતીપરમેશ્વરધામ શ્રીજીવનમુક્તેશ્વર મહાદેવ આશ્રમમાં ભાવસભર વાતાવરણમાં શ્રદ્ધા-ભક્તિભાવપૂર્વક ભારતીય સંસ્કૃતિનું મહત્વનું પર્વ શ્રાવણ માસની ઉજવણી થશે. જેમાં શિવમંદિરમાં કૈલાસદર્શન, પુષ્પશૃંગાર, કલાત્મક રંગોળી, ઇલેક્ટ્રીક લાઇટ ડેકોરેશન અને વસ્ત્રાલંકારોની દર્શનીય શોભા થશે. સવારે ૫ થી ૧૨ સુધી અને બપોરે ૩ થી સાંજે ૮ સુધી શિવપૂજન, અર્ચન અને રૂદ્રાભિષેકનો ભાવિકો ધર્મલાભ લેશે. શિવજીને બિલીપત્ર, જળ,પુષ્પો તથા વિવિધ ધાન્યોનો અભિષેક થશે. ભાવિકો દ્વારા મહાદેવજીની વિશેષ પૂજા-અર્ચના, સામુહિક ભાવવંદના થશે. ૐ નમઃ શિવાય મંત્રનું અનુષ્ઠાન થશે. સામુહિક શિવપૂજન થશે. શ્રાવણ માસના દર સોમવારે અને જન્માષ્ટમી પર આ મંદિરની તળેટીમાં નદીકાંઠે લોકમેળો થાય છે. જેમાં ધારી તથા આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં સહપરિવાર માનવમહેરામણ ઉમટી પડે છે. સર્વે ભાવિકોને પૂજા, આરતી, દર્શનનો ધર્મલાભ લેવા ડો.કૃષ્ણકુમાર શાસ્ત્રીએ અનુરોધ કરેલ છે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં શ્રાવણ માસની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

જંકશન પ્લોટ ખાતે શ્રી મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટના ગીતામંદિર પરિસરમાં બિરાજમાન શ્રીરામેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભાવસભર વાતાવરણમાં ભકિતભાવપૂર્વક શ્રાવણ માસની ઉજવણી થશે. દર સોમવારે પુષ્પશૃંગાર અને ઇલેક્ટ્રિક લાઇટ ડેકોરેશનથી શિવમંદિરની દર્શનીય શોભા થશે. સવારે ૮ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ સુધી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શિવપૂજન, રૂદ્રાભિષેક થશે. શિવજીને બિલીપત્ર, જળ, પુષ્પો તથા વિવિધ ધાન્યોનો અભિષેક થશે. શ્રાવણ માસના બીજા સોમવારે સામુહિક રૂદ્રાભિષેક દ્વારા મહાદેવજીની સામુહિક ભાવવંદના થશે. દર્શનનો સમય સવારે ૬ થી બપોરે ૧૨-૩૦ અને સાંજે ૫ થી રાત્રિના ૯ સુધીનો રહેશે. ધૂપ-દિપ અને પુષ્પોની સુવાસથી મહેંકતા ગીતા મંદિરમાં દર સોમવારે, એકાદશીએ, જન્માષ્ટમીએ, અમાસના રોજ સાંજે રાજકોટ શહેરમાં અજોડ એવી ઓમકાર આકારની ૧૦૮ દીપમાળા સાથે આરતી થશે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિરમાં શ્રાવણ માસમાં પૂજા, આરતી, દર્શનનો ધર્મલાભ લેવા સર્વે ભાવિકોને ગીતા વિદ્યાલય પરિવારે હાર્દિક અનુરોધ કરેલ છે.

સિધ્ધનાથ ટ્રસ્ટ દ્વારા કાલે રોપા વિતરણ

શ્રાવણ માસ નિમિતે ભાવિકોને બિલીપત્ર, તુલસી વગેરેના રોપા વિનામૂલ્યે અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સમાજ માટે થઇ રહી છે. તે અંતર્ગત શ્રાવણ માસ નિમિતે આજના સમયને અનુરૂપ વૃક્ષરોપાનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે.

આ અંગે માહિતી આપતા આ સેવાયજ્ઞના ડો. રાજેશભાઈ ત્રિવેદીએ જણાવેલું કે, આજે લોકોને જીવવા માટે અને સાત્વિકતા માટે શુદ્ધ હવા જરૂરી તેના માટે એક માત્ર કુદરતી ઈલાજ એ વૃક્ષ જ છે. ગ્રીન ઘર- ગ્રીન શેરી- ગ્રીન શહેર બનાવવાના હેતુથી સામાજીક વનીકરણ વિભાગના સહયોગથી તા.૩૦ ને શનિવાર- સવારે ૯ વાગ્યે- ઓમ કાલેશ્વર મહાદેવ મંદિર, શ્રીજી પાર્ક એચ પી પેટ્રોલ પંપ સામે, બાપા સીતારામ ચોક પાસે- રૈયા રોડ- રાજકોટ ખાતેથી વિનામૂલ્યે વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવનાર છે. જેમાં પવિત્ર એવા તુલસી, બિલીપત્ર, દાળમી, જામફળી, ગુલમોર, કરંજ, સરગવો, આસોપાલવ જેવા વૃક્ષના રોપા મેળવી લેવા આ વિતરણમાં વનીકરણ વિભાગના ફોરેસ્ટર તૃપ્તિબેન જોશી ઉપસ્થિત રહેનાર છે.

આ સેવાકાર્યને સફળ બનાવવા માટે ડો. રાજેશ ત્રિવેદી, રાજુભાઈ જુન્જા, વિમલભાઈ ત્રિવેદી, મેહુલભાઈ મહેતા, દીપકભાઈ ત્રિવેદી, મનીષભાઈ પટેલ, મનીષભાઈ ત્રિવેદી, ધનંજયભાઈ દવે, રૂશીલભાઈ ત્રિવેદી, જયેશબાપુ પૂજારી વગેરે સેવાયજ્ઞને સફળ બનાવવા મહેનત કરી રહેલ છે.

સર્વે ગ્રામજનોને શ્રાવણ માસની શુભેચ્છા પાઠવતા ભૂપત બોદર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

આજથી પ્રારંભ થયેલ શિવજીને અતિ પ્રિય એવા પાવન શ્રાવણ માસની રાજકોટ જિલ્લાના સર્વે ગ્રામજનોને શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવ્યું હતું કે, શ્રાવણ મહિનામાં સૌ કોઈ શિવજીની પૂજા કરી ધન્યતા પ્રાપ્ત કરે છે. શ્રાવણ માસ શિવજીને અતિ પ્રિય છે. આ માસ તેમને શીતળતા આપનાર છે. અને શીતળતા આપના

દરેક વસ્તુ શિવજીને પ્રિય છે.

શ્રાવણ માસમાં શિવાલયોમાં ભક્તોની ભીડ જામે છે, શિવલીંગ ઉપર અભિષેક,શિવજીની પૂજા-અર્ચના-આરાધના-ઉપવાસથી ભકતજન ભક્તિમાં લીન થાય છે. ત્યારે આ વખતે રાજયમાં મેઘરાજાએ સાર્વત્રિક વરસીને અવિરત કૃપા કરેલ છે અને જગતાત ગેલમાં છે ત્યારે પવિત્ર શ્રાવણ માસમાં જન સમુદાય શિવજીના પૂજન-અર્ચન સાથે ઉજવણી કરીને મહાદેવની ભકિતમાં લીન બની જીવનને કલ્યાણકારી બનાવે તેવી શુભેચ્છા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ પાઠવેલ હતી.

શ્રાવણ માસ દરમ્યાન વિવિધ પ્રકારના મંત્રોનું સ્મરણ કરવાથી ગ્રહ પીડા દૂર થઇ જાય છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શાસ્ત્રી કાર્તિકભાઇ ઠાકર (જુના પાસે મેંદરડા નાની ખોડીયાર)ની યાદી જણાવે છે કે, ગુરૂપુષ્ય નક્ષત્રમાં કોઇપણ કાર્ય કરતા સિધ્ધ થાય, સોના-ચાંદીની ખરીદી કરવી ઉત્તમ ગણાય. દિવાસો ગુરૂ પુષ્ય નક્ષત્ર અને અમાસનો સંગમ હોઇ મહાદેવની પૂજા કરવી અને જળ અભિષેક પુષ્પ ચડાવવાથી મહાદેવની કૃપા પ્રાપ્ત થાય છે. મહામૃત્યુંજય મંત્રનું સ્મરણ અતિ લાભદાયક ગણાય. લક્ષ્મી પ્રાપ્તિ માટે ૐ મહાલક્ષ્મયૈ નમઃ મંત્ર કરવો પણ અતિ ઉત્તમ ગણાય. આજે કોઇ મોટી માંદગીમાંથી મુક્ત થવા તો સૂર્યનારાયણના પાઠ કરવા ઘરની અંદર કંકાસ ઝઘડો દૂર કરવા માટે હનુમાન ચાલીસાના પાઠ કરવા.

શ્રાવણ માસનો પ્રારંભ શુક્રવાર ૨૯/૭/૨૦૨૨ના થાય છે. શિવાલયની અંદર શિવપૂજન કરવાનો બહુ મોટો મહિમા છે. ખગોળશાસ્ત્ર અને વિવિધ વનસ્પતિઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. વનસ્પતિઓમાં નવ ગ્રહની નવ વનસ્પતિ આવે. આંકડો, પીપળો, અઘેડો, ઉબરો, ખીજડી, દુર્વા, ડાફરો, ખેર, ખાખરો આ નવ ગ્રહોના નવ સમીધ છે. આનો હોમ કરવાથી ગ્રહદશા સુધરે છે તથા પનોતીમાંથી મુકિત મળે છે. લોહી તથા હૃદયની બીમારી, મનની શાંતિ માટે આંકડાનો હોમ ૐ સૂર્યાય નમઃ સ્વાહા બોલી કરવો. માનસિક શાંતિ માટે નેગેટીવ વિચારો તનાવ ચિંતામાંથી મુકત થવા માટે ૐ ચંદ્રમસ્યે નમઃ સ્વાહા બોલી ખાખરાનો હોમ કરવો.

લગ્ન જીવન સુખી કરવા માટે મંગળ દોષ નિવારણ માટે ગુસ્સો દૂર કરવા માટે ખેરનો હોમ કરવો. કોઇ બાળક અભ્યાસમાં નબળુ હોય જીવનનાં ઘડતર માટે આફતોમાંથી ઉગારી લેવા માટે ગળાની તકલીફ થાય, મુંગાપણુ રહે સુકો કફ, હાથ પગનાં દુઃખાવા જીભના રોગ દૂર કરવા માટે. તેના માટે અઘેડનો હોમ ૐ બુધાય નમઃ સ્વાહા બોલી કરવો. ગુરૂથી પેટની

પીડા દૂર કરવા, રાજકારણની અંદર પ્રગતિ માટે, ચામડીના દર્દ, આંતરડાના દર્દ, ડાયાબીટીસ, લીવર, ગુપ્ત ભાગના રોગ, છાતીમાં દર્દો, વાયુ વિકાર, બ્લડ પ્રેસર દૂર કરવા માટે ૐ બૃહસ્પતયૈ નમઃ બોલી પીપળાનો હોમ કરવો.

શુક્ર એ સંતાન પ્રાપ્તિ માટેનો છે. સંતાનની પ્રાપ્તિ માટે ગુપ્ત રોગોમાંથી મુકત થવા માટે શુક્રાણુની કમી દૂર કરવા માટે ઉબરાનો હોમ ૐ શુક્રાય નમઃ બોલી કરવો. શનિ શરીરની અંદર નબળાઇઓ જુના હઠીલા દર્દ પથરી, મસા, માથાનો દુઃખાવો, કેન્સર, બહેરાઇ, ધંધાની પ્રગતિ માટે સંપત્તિની પ્રાપ્તિ માટે ૐ શનિશ્ચરાય નમઃ બોલી ખીજડીનો હોમ કરવો. બંધનમાંથી મુકત થવા માટે ઝઘડાળુ જીવન દૂર કરવા માટે કુટુંબમાં કલેશ કંકાસ કોઇપણ પ્રકારના દોષ દૂર કરવા માટે દરેક સુખ પ્રાપ્ત થવા માટે અકસ્માતથી બચવા માટે કોર્ટ કચેરીથી બચવા માટે દર્ભનો હોમ ૐ રાહવે નમઃ બોલી કરવો.

કેતુથી શત્રુનો ત્રાસ, ગુપ્ત ત્રાસ રહેવો, દરેક કાર્યમાં નુકસાની, પરીવાર વેરવિખેર થવો, વ્યસનો થવા, દરીદ્રતા આવવી, હાથમાંથી આવેલી પ્રોપર્ટી જતી રહેવો, ઇન્દ્રીયોનો રોગ થવા, પેરાલીસીસ થવો, શરીરોમાં ઓપરેશન થવા, ભગંદર તેનાથી મુકિત માટે દુર્વાનો હોમ ૐ કેતવે નમઃ સ્વાહા બોલી કરવો. કેતુની ૧૭૦૦૦ છે. રાહુની ૧૮૦૦૦, શનિદેવ ૨૩૦૦૦, શુક્રદેવના ૧૬૦૦૦, બૃહસ્પતીના ૧૯૦૦૦, બુધનાં ૪૦૦૦, મંગળના ૧૦૦૦૦, સુર્યનાં ૭૦૦૦, ચંદ્રનાં ૧૧૦૦૦ મંત્ર જાપની સંખ્યા ગણવી.

શિવસ્તુતિ

શંભુ શરણે પડી, માંગુ ઘડી રે ઘડી, કષ્ટ કાપો,
દયા કરી દર્શન શિવ આપો...
તમે ભક્તોનાં દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા,
મારી મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો. દયા કરી...
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી,
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો. દયા કરી...
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે, મારૂ ચિતડું ત્યાં જવા ચહે છે,
સારા જગમાં છે તું, વસું તારામાં હું, શક્તિ આપો. દયા કરી...
હું તો એકલપંથી પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી,
થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી, સમજણ આપો. દયા કરી...
આપો દષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરૂપ દેખું,
આવી દિલમાં વસો, આવી હૈયે હસો, શાંતિ સ્થાપો. દયા કરી...
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ફળ આપો,
ટાળો મન મદા, ગાળો ગર્વ સદા, ભક્તિ આપો, દયા કરી...
અંગે શોભે છે રૂદ્રની માળા, કંઠે લટકે છે ભોરિંગ કાળા,
તમે ઉમિયાપતિ, અમને આપો મતિ, કષ્ટ કાપો, દયા કરી...
શંભુ શરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો,
દયા કરી દર્શન શિવ આપો...

દેવોને વિષ્ણુએ કહેલી શિવલીંગ પુજા

સર્વઓ દેવોને લઇને ક્ષીર સાગર સમુદ્ર કિનારે ગયા અને બે હાથ જોડીને ભગવાન વિષ્ણુને અમે પ્રાર્થના કરી સંસારનો ભય હરનાર પર બ્રહ્મ જેની માયાથી જગત અનિત્ય હોવા છતા નિત્ય ભાસે છે? જેની કૃપાથી જ્ઞાન થતા જગતની ભ્રાતિ નાશ પામે છે. તેવા શ્રી લક્ષ્મીજી જેમના ચરણ કમળોની સેવા કરે છે તે ભગવાન શ્રી વિષ્ણુને હું નમસ્કાર કરૂ છું. શ્રી વિષ્ણુ ત્યાં પ્રગટ થયા અને કહેવા લાગ્યા મારું શું કામ પડયું છે અને બ્રહ્માએ કીધુ સર્વ દુઃખો દુર થાય એવા કયાં દેવની પૂજા કરીએ? વિષ્ણુએ કીધુ કે સર્વ દુઃખોનો નાશ કરવા માટે દેવાધી દેવ શંકર ભગવાનનું પૂજન કરવું, હે બ્રહ્મા તમે અને હું બેઉ જણા સદાશિવનું સેવન કરીએ શિવલીંગ મૂર્તિનું પૂજન કરવાથી આપણે સહુ ઉત્તમ પદ પામ્યા છીએ તે ભૂલી ગયા છો અને દરરોજ સદાશિવનું જ સ્મરણ કરે છે. તે કોઇ દિવસ દુઃખી થતા નથી ભગવાન વિષ્ણુએ આમ કીધું એટલે દેવો શિવલીંગની માંગણી કરવા લાગ્યા અને વિષ્ણુભગવાને વિશ્વકર્માને આજ્ઞા કરી કે તમે મારી આજ્ઞાથી મહાદેવના શ્રેષ્ઠ લિંગો બનાવો અને દેવોને આપો અને વિશ્વકર્માએ અનેક પ્રકારના શિવલીંગો બનાવ્યા છે અને દેવોને તેમના અધિકાર પ્રમાણે આપ્યા છે. ઇન્દ્રનું માણેકનું લીંગ આપ્યુ, કુબેરને સુવર્ણનું, ધર્મરાજાને પીળા મણીનું, વરૂણને કાળા મણીનું,વિષ્ણુને નીલમનું બ્રહ્માને સોનાનું, વસુઓને ચાંદીનું, અશ્વિની કુમારોને પિતળનું, દેવી લક્ષ્મીને સ્ફટીકનું, આદિત્યને તાંબાનું, સોમને મોતીનું અને સૂર્યને હીરાનું લીંગ આપ્યુ તે ઉપરાંત, બ્રાહ્મણોને માટીનું મયદાનવને ચંદનનું, નાગોને પરવાળાનું, જ્ઞાન વિજ્ઞાનના મૂળ ભકિતના પડેલા છે. ભકિતથી જ્ઞાન ઉપજે છે. ભેદ દૂર થાય પછી મનુષ્ય શિવરૂપ બને છે.



સંકલનઃ શાસ્ત્રી બટુક મહારાજ
(સ્વામિનારાયણ મંદિરના પૂજારી કાળીપાટ)

જીએસટીનો માર? : મીઠાઇ - ફરસાણના ભાવ ૧૫% વધ્યા

દૂધ, દહીં, લોટ સહિતની ચીજવસ્તુઓના ભાવ પર ૫% જીએસટી લાગુ થતાં અસર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ ૨૯

રોજિંદી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પર અત્યાર સુધી એક પણ રૂપિયાનો જીએસટી વસુલ કરવામાં આવતો નહોતો. પરંતુ હવેથી પાંચ ટકા જીએસટી વસુલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ શહેરીજનોની સૌથી વધુ મનપસંદ ફરસાણ અને મીઠાઇના ભાવમાં ૧૫ ટકા સુધીનો વધારો થવાનો છે. કારણ કે કેન્દ્ર સરકારે લેબલવાળા પેકેટમાં વેચાતા દૂધ, દહીં, છાસ અને લોટ સહિતની ચીજવસ્તુ પર ૫% જીએસટી લાગુ કર્યો છે. તહેવારોની સાથે સાથે લગ્નસીઝન પણ દિવાળી બાદ શરૂ થવાની છે. જોકે લગ્ન માટેના બુકિંગ પણ અત્યારથી જ કરવામાં આવી રહ્યા છે. જેથી કેટરીંગ સેવા પણ મોંઘી બનવાની છે. તેનું કારણ એવુ છે કે કેન્દ્ર સરકારે ૧૮ જુલાઇથી લોટ, દુધ સહિતની ચીજવસ્તુઓ પર પાંચ ટકા જીએસટી લાગુ કરતા ભાવ વધારાની અસર જોવા મળવાની છે. તેમાં પણ મીઠાઇના ભાવમાં પાંચ ટકા અને ફરસાણના ભાવમાં ૧૫ ટકા સુધીનો વધારો થવાનો છે. પાંચ ટકા જીએસટી લાગુ કર્યા બાદ ઘઉંના લોટ અને છાશ સહિતની ચીજવસ્તુના ભાવ વધ્યા છે. જેથી હોટેલના બિલમાં પાંચ ટકાનો વધારો આવશે. તેનાથી બિલમાં ભાવ વધતા જ ગ્રાહકો ઘટી જશે. ફરસાણના ભાવમાં વધારો કરવાની વેપારીઓને ફરજ પડી છે. જે ફરસાણ પ્રતિકિલો રૂ. ૨૦૦થી ૩૦૦માં વેચાતું હતું, તે આજે રૂ. ૨૨૦થી ૩૩૦માં વેચાતું થઈ ગયું છે.

સંભારણા

વિશ્વાસ..

મારી દીકરી ના લગ્ન લેવાયા તેથી અમે બધા તૈયારીમાં લાગ્યા હતા. એક દિવસ હું બહારથી કંઈ કામ પતાવીને આવી ત્યાં મારી બાઈએ એક પરબીડિયું હાથમાં મુકયું. મોકલનારનું નામ જોઈને મને આશ્ચર્ય થયું. ‘અમર વિશ્વાસ’ જે નામને મળીને ઘણા વર્ષો નીકળી ગયા હતા. મેં કવર ખોલ્યું તો અંદરથી એક લાખ ડોલરનો ચેક અને પત્ર મળ્યો. આટલી મોટી રકમ અને પત્ર તે પણ મારા નામે.. મેં ઉતાવળમાં પત્ર ખોલ્યો અને વાંચી ગઈ. જાણે કોઈ પરી કથા વાંચતી હોવું એવું લાગ્યું. લખેલું હતું.

આદરણીય મેડમ,

મને નથી લાગતું હું ક્યારેય તમારા ઉપકારનો ભાર ઉતારી શકીશ. આ ભેટ હું મારી માનેલી પણ ક્યારેય ન જોયેલી બેન માટે મોકલી રહ્યો છું. ઘરમાં દરેકને મારા નમસ્તે..

તમારો અમર..

મારી નજર સમક્ષ આટલા વર્ષો પહેલાંની તમામ ઘટનાઓ ફિલ્મની જેમ સરકવા લાગી. એક દિવસ હું પુસ્તકોની દુકાનમાં નોવેલ ઉથલાવવી રહી હતી. મારું ધ્યાન દુકાનની બહાર પુસ્તકોનો નાનો ઢગલો લઈને બેસેલા છોકરા તરફ ગયું. તે બુક સ્ટોરમાં પ્રવેશતી દરેક વ્યક્તિને કંઈક વિનંતી કરતો હતો અને જ્યારે કંઈ પ્રતિસાદ ન મળે ત્યારે ફરી તેની જગ્યાએ પાછો જઈને ઉભો રહેતો. હું ચૂપચાપ લાંબા સમય સુધી આ દશ્ય જોતી રહી. પહેલી નજરે તે ફૂટપાથ પરનો બુક સેલર લાગતો હતો પણ છોકરાના ચહેરા પરની નિરાશા સામાન્ય લાગતી ન હતી. તે દરેક વખતે નવેસરથી પ્રયાસ કરતો અને નિરાશ થઈને પાછો ફરતો.

લેખિકાઃ પુનમ શાહ –મુંબઈ.

હવે હું મારી જિજ્ઞાસા રોકી શકી નહીં. તેના પાસેની ચોપડીઓ ખોલીને જોઈ તો તે વિજ્ઞાનની હતી. તેણે હજી ઉત્સાહથી તેના પાસેની બીજી ચોપડીઓ ખોલીને બતાવવાનું શરૂ કર્યું. મેં છોકરાને નજીકથી જોયો. મોઢા પર આત્મવિશ્વાસ, વ્યવસ્થિત કપડાં અને ઠંડીના દિવસ હોવાથી હળવું સ્વેટર પણ પહેર્યું હતું. પુસ્તકો તો મારા કામના ન હતા પણ મેં સંમોહિત થઈને તેને પૂછ્યું ‘બેટા કેટલાના છે આ બધા પુસ્તક?’ ‘તમે કેટલા આપી શકો?’ ‘અરે તે કિંમત નક્કી કરી હશે ને’ ‘તમે જે આપો તે!’ છોકરો થોડો નિરાશ થઈને બોલ્યો. તે સમજી ગયો હતો કે મને તે ચોપડીઓ લેવી નથી માત્ર સમય પસાર કરી રહી છું. છોકરાએ મોઢું બગાડતા કહ્યું ‘૫૦૦૦ રૂપિયા’ ‘આના તો કોઈ ૫૦૦ આપે તોય વધારે હશે!’ મારાથી બોલાઈ ગયું. તે હજી ઉદાસ થઈ ગયો. મને બોલ્યાનો પશ્ચાતાપ થયો. મેં તેના ખભે હાથ મૂકીને કહ્યું ‘બેટા, તું મને પુસ્તક વેચવા વાળો નથી લાગતો. સાચું કહે તું કેમ આમ પૈસા માંગે છે?’ તેની સહનશક્તિ ખૂટી ગઈ. તેણે કહ્યું ‘મેડમ, હું ૧૨મુ પાસ થયો છું. મારા પપ્પા એક નાની હોટેલમાં કામ કરે છે. મેડિકલમાં મને એડમિશન મળી ગયું પણ પ્રવેશ ફી ભરવાની છે. પપ્પા થોડા પૈસા આપવા તૈયાર છે, બાકીના પૈસાની સગવડ નથી થતી.’ આ બધું તેણે અસ્ખલિત ઈંગલિશ માં કહ્યું. ‘તારું નામ શું છે?’ મેં મંત્રમુગ્ધ થઈને પૂછ્યું. ‘અમર વિશ્વાસ’ મે ખાતરી કરવા થઈને ફરી પૂછ્યું ‘બોલ તને કેટલા પૈસા જોઈએ છે?’ ‘પાંચ હજાર’ તેનો સુર કરૂણા ભર્યો હતો. ‘તું આ પૈસા મને પાછા આપી શકીશ? આ પુસ્તકોની તો એટલી કિંમત નથી’ મેં એની મસ્તી કરતા હસીને પૂછ્યું.‘મેડમ, મારી અટક વિશ્વાસ છે તેથી તમે મારા પર વિશ્વાસ કરી શકો છો. છેલ્લા ચાર દિવસથી અહીં ઉભો છું. તમે પ્રથમ એવી વ્યક્તિ છો જેણે મારી તરફ આટલું ધ્યાન આપીને મને પૂછ્યું. જો આ પૈસાની સગવડ નહીં થાય તો ભવિષ્યમાં તમે મને કોઈ હોટેલમાં વાસણ ઘસતો જોશો’ તેના અવાજમાં શું હતું ખબર નહીં જેણે મને તેને મદદ કરવાની પ્રેરણા આપી. મગજ આ વાતને ધોખેબાજી કહેતું હતું. પણ છેવટે દિલની જીત થઈ. મેં મારા પર્સમાંથી ૫૦૦૦ કાઢીને આપ્યા. જેને હું દીકરીના નામે ઇન્વેસ્ટ કરવાનું વિચારતી હતી. મારા માટે આ કિંમત બહુ મોટી હતી.

મેં તેને કહ્યું ‘જો બેટા, તારા અવાજમાં મને સચ્ચાઈ દેખાય છે. મને તારા કરતાં ચાર પાંચ વર્ષ નાની દીકરી છે જેના માટે કંઈક કર્યું એમ વિચારીશ’ અમર નીશબ્દ થઈ ગયો. કદાચ હજી તેને મેં પૈસા આપ્યા નો વિશ્વાસ નહોતો થતો. તેની આંખોમાં આંસુ હતા. તે મને પગે લાગ્યો ત્યારે તેના આંખના આંસુ એ મારા પગને સ્પર્શ કર્યો. ‘હું આ પુસ્તકો તમારી થેલીમાં મૂકી દઉં છું’ ‘તેની કોઈ જરૂર નથી, તારી પાસે જ રાખ. આ મારો નંબર છે ક્યારેક જરૂર પડે તો ફોન કરજે’ તે પૂતળાની જેમ ઉભો હતો. હું તેનો ખભો થાબડીને નીકળી ગઈ.

હું જુગાર રમી રહી હતી. જો કોઈ બીજાએ સાંભળ્યું હોત તો મને ભાવુક કે મૂરખ કહેત તેથી મેં આ વાત કોઈને ન કહેવાનું નક્કી કર્યું. થોડા દિવસ પછી અમર એ મને મેડિકલની પ્રવેશ પત્રિકા મોકલી હતી. મને મારામાં માનવતા છે એની ખાતરી થઈ. થોડો વખત સુધી મેં તેને હજાર,પાંચસો મોકલાવ્યા હતા.

દિવસ સરકતા ગયા. ક્યારેક તેનો સંક્ષિપ્તમાં પત્ર આવતો, જેમાં ચાર લીટી લખેલી હોય. બે લીટી મારા માટે, એક લીટી પોતાના અભ્યાસ વિશે અને એક મારી દીકરી માટે જેને તેણે બેન માની હતી. થોડા વર્ષો સુધી આ નિત્યક્રમ ચાલુ રહ્યો. એક દિવસ તેનો પત્ર આવ્યો કે તે ઉચ્ચ શિક્ષણ માટે ઓસ્ટ્રેલિયા જઈ રહ્યો છે સ્કોલરશીપ મળી છે. મારી દીકરી માટે પણ એક લીટીમાં લખવાનું ભૂલ્યો ન હતો. દિવસને પાંખો લાગ્યા જેવા ઉડતા આગળ વધ્યા. અમર એ તેના લગ્નનું આમંત્રણ મોકલ્યુ. તે ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થવાનું વિચારે છે એવું જણાવ્યું.

મારી દીકરીનું શિક્ષણ પૂરું થયું. તેના લગ્ન પ્રતિષ્ઠિત પરિવારમાં નક્કી થયા તેથી મારે હવે સરખો ખર્ચ કરવાની જરૂર હતી. અમરને પણ કંકોત્રી મોકલી દીધી હતી. આમ એક સાથે ઘણા બધા વિચારો મગજમાં ચાલતા હતા ત્યાં આ ચેક આવ્યો. આ વાત મગજમાંથી નીકળી નહોતી ત્યાં લગ્નમાં હવે બે ચાર દિવસ બાકી હતા અને દરવાજે એક મોટી ગાડી આવીને ઊભી રહી. ડ્રાઇવરએ ‘સર’ માટે દરવાજો ખોલ્યો. તે વ્યક્તિ સાથે તેની પત્ની નાના બચ્ચાને લઈને ઉતરી. તેને ક્યાંક જોયા જેવો લાગતો હતો. તે બેઉ આવીને મારા પગે લાગ્યા. ‘મેડમ, હું અમર વિશ્વાસ..’

અમે બધા આશ્ચર્યમાં ઉભા હતા. મેં તેને ખૂબ ગર્વ સાથે ગળે લગાડ્યો. દિકરી હજુ તેને શંકાની નજરે જોઈ રહી હતી. અમર ઘણી બધી ભેટ લાવ્યો હતો. તેણે આર્યા (મારી દીકરી) ને મોટું પ્રેમ ભર્યું આલિંગન આપ્યું. એક ભાઈ મળવાથી તેને પણ આનંદ થયો. લગ્નમાં અમર મોટાભાઈ તરીકે દરેક વિધિ નિભાવવામાં વ્યસ્ત હતો. તેણે મારા પર કોઈ પણ મોટી જવાબદારી આવવા ન દીધી. એકે પૈસો ખર્ચ કરવા દીધો નહીં.

તેમની ભારત યાત્રાના દિવસો જોત જોતામાં પૂરા થયા. અમર જ્યારે પરત ફરી રહ્યો હતો ત્યારે અમારા બધાની આંખો ભીની થઈ ગઈ હતી. વિમાન આકાશને સ્પર્શ કરવા ઉપર જઈ રહ્યું હતું તેમ તેમ મારો અમર પરનો વિશ્વાસ અને અભિમાન આકાશને આંબી રહ્યો હતો.

રાષ્ટ્રપતિના અપમાન સામે ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ભાજપ અગ્રણીઓ કમલેશ મિરાણી, ગોવિંદભાઈ પટેલ વગેરેએ કોંગી નેતા અધિર રંજન ચૌધરીની ઝાટકણી કાઢી

કોંગ્રેસના લોકસભાના પક્ષના નેતા અધિર રંજન ચૌધરી દ્વારા દેશના પ્રથમ મહિલા આદિવાસી મહામહીમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી માટે ‘રાષ્ટ્રપતિના બદલે રાષ્ટ્રપત્ની’ જેવા અશોભનીય શબ્દોનો પ્રયોગ ઈરાદાપૂર્વક કર્યો છે તેના વિરોધમાં શહેર ભાજપ દ્વારા કોર્પોરેશન ચોક ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, મેયર ડો. પ્રદિપ ડવ, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયા, જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ડો.દર્શીતાબેન શાહ, વિનુભાઈ ઘવા, સુરેન્દ્રસિંહ વાળા સહિતના અગ્રણીઓ સાથે બહોળી સંખ્યામાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પાંચ મહિલા વિરોધી કોંગ્રેસ હાય હાય અને આદીવાસી વિરોધી કોંગ્રેસ હાય હાયના નારા લગાવી આક્રોશ વ્યકત કર્યો હતો.

આ તકે કમલેશ મિરાણી, ગોવિંદભાઈ પટેલએ જણાવેલ કે દેશના રાષ્ટ્રપતિનું પદએ અતિ આદરણીય હોય છે ત્યારે રાષ્ટ્રપતિ માટે આવા અશોભનિય શબ્દોનો પ્રયોગ કરવો એ કોંગ્રેસની હલકી માનસિકતા બતાવે છે. દેશમુકત થઈ ગયેલી કોંગ્રેસના નેતાઓની બુધ્ધિ હવે ભ્રષ્ટ થઈ ગઈ છે. ત્યારે સત્તા વગર બેબાકળી બનેલી કોંગ્રેસ આવા વાહિયાત નિવેદનો કરી રહી છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, કાર્યાલય પરીવારના રમેશભાઈ જોટાંગીયા, પ્રવીણભાઈ ડોડીયા સહીતનાએ જહેમત ઉઠાવી હતી.

રાજકોટ આઈટીઆઈ દ્વારા ભરતી પ્રક્રિયા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ ખાતે કાર્યરત ઔધોગિક તાલીમ કેન્દ્ર દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓ માટે સોનાલીકા ટ્રેક્ટર્સ દ્વારા વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાનું આયોજન તા. ૨૭ જૂલાઈ બુધવારના રોજ કરવામાં આવ્યું હતું. આ ભરતી પ્રક્રિયામાં મિકેનીક મોટર વ્હીકલ, મેન્યુફેકચરીંગ ડેવલોપમેન્ટ ઈજનેર તથા એમ.ટી આ ત્રણ જગ્યાઓ માટે ભરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૧ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. તેમાંથી ૩૮ ઉમેદવારો પસંદગી પામ્યા અને ૧૬ ઉમેદવારોની પ્રાથમિક ધોરણે ભરતી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ઉમેદવારોને માસિક ૮ થી ૧૨ હજાર રૂપિયા ઉપરાંત જરૂરી ભથ્થા પગારધોરણો પ્રમાણે ચૂકવવામાં આવશે તેમ આઈ.ટી.આઈના આચાર્ય નિપુણભાઈ રાવલની યાદીમાં જણાવાયું છે.

તલના વાવેતર અંગે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડતી કૃષિ યુનિવર્સિટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

તલના વાવેતર અંગે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે કૃષિ યુનિવર્સિટી તરઘડિયા દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડતી વિગતો રજૂ કરવામાં આવી છે. આ અંગે આપવામાં આવતી વિગતો પ્રમાણે તલના પાકના વાવેતર માટે તેલિબિયાંના અન્ય પાકોની સરખામણીએ પ્રમાણમાં વધુ પડતા પાણીની જરૂરિયાત રહેતી હોય છે. જ્યારે આ વર્ષે પૂરતી માત્રામાં વરસાદ થયો હોવાથી તલમાં સમયસર આંતરખેડ અને નિંદામણ કરવું જોઈએ. તથા જરૂરીયાત મુજબ પારવણી કરીને વાવેતર બાદ પાકને ૩૦ દિવસે ૫૪ કિલો ગ્રામ હેક્ટર દીઠ યુરિયા ખાતર આપવું જોઈએ. આ સિવાય તલનો પૂરતો પાક મેળવવા અલ્ટરનેર આ ફૂગના રોગથી પાકને બચાવવા મેંન્કોઝેબ ૨૭ ગ્રામ ૧૦ લી. પાણીમાં મિશ્રણ કરી તેનો છંટકાવ કરવો.

કુંડા સાથે રોપાનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

બજરંગ ગ્રુપ દ્વારા કુંડાઓ સાથે રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે વોટર વર્કસ કમિટીનાં ચેરમેન દેવાંગભાઇ માંકડ, ભાગ્યેશભાઇ વોરા, રમેશભાઇ પંડયા, પ્રવિણભાઇ ચાવડા, પીન્ટુભાઇ સોની, અશ્વિનભાઇ પડીઆ, કોમલબેન કારીઆ, ચંદ્રેશભાઇ એડવોકેટ વિજયભાઇ ઘટ્ટ, હિતેશભાઇ સંઘાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.તેઓના વરદહસ્તે કુંડા સાથેના રોપાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

સંસ્થાના કિશોરભાઇ કારીયા, હસુભાઇ ગણાત્રા, પંકજભાઇ ચગ, મનુભાઇ ખંધેડીયાએ મહેમાનોને આવકારેલ.આ સેવાકીયકાર્યમાં બાબુભાઇ કારીયા, જયદીપ કોટેચા, રાઘવ ગણાત્રા, સતીશભાઇ શીંગાળા, જે.ડી.ચંદારાણા, હેમંતભાઇ કોટક, રાજુભાઇ ખંધેડીયા, બટુકભાઇ રાચ્છ, જયોતિબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર પ્રકાશ બુટાનીના હસ્તે ઈ–લોકાર્પણ

રાજકોટમાં રેલવેની નવી અધતન લોન્ડ્રીની સ્થાપના

ટ્રેનોના એસી કોચમાં મુસાફરોને સ્વચ્છ લીનન બેડશીટ, ધાબળા, પડદાનો મળશે લાભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ટ્રેનોમાં બેડશીટ, ધાબળા, પડદાની લિનન સેવાઓ ફરી શરૂ થવા સાથે, પશ્ચિમ રેલ્વે તેના માનનીય ગ્રાહકોને સ્વચ્છ લિનન અને બેડ રોલ પ્રદાન કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. આ દિશામાં પશ્ચિમ રેલવે ના જનરલ મેનેજર (ઈન-ચાર્જ) પ્રકાશ બુટાની, એ ૨૮મી જુલાઈ, ૨૦૨૨ના રોજ પશ્ચિમ રેલવેના હેડકવાર્ટર, ચર્ચગેટથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજકોટ ખાતે નવી સ્થપાયેલી મિકેનાઇઝ્ડ લોન્ડ્રીનું ઉદઘાટન કર્યું હતું. આ લોન્ડ્રી ચાલુ થવાથી, લિનનને આધુનિક રીતે ધોવામાં આવશે અને મુસાફરોને ઉચ્ચ ગુણવત્તાની લિનન આપવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફે જણાવ્યું કે રાજકોટમાં મિકેનાઇઝ્ડ લોન્ડ્રી BOOT (બિલ્ડ, ઓન, ઓપરેટ અને ટ્રાન્સફર) મોડલ હેઠળ શરૂ કરવામાં આવી છે, જે મેસર્સ થારુ એન્ડ સન્સને ૧૦ વર્ષના સમયગાળા માટે આપવામાં આવી છે. લોન્ડ્રી સેવાઓમાં રાજકોટ સ્થિત ટ્રેનોના એસી કોચમાં લિનન ધોવા, ઇસ્ત્રી, પેકેજિંગ, પરિવહન અને તેનું વિતરણ સામેલ હશે. આ મિકેનાઇઝ્ડ લોન્ડ્રીમાં લિનન ધોવાની ક્ષમતા ૨ ટન પ્રતિ દિવસ છે. ધોલાઈની ગુણવત્તા જાળવવા માટે મિકેનાઇઝ્ડ લોન્ડ્રીમાં આરઓ અને વોટર સોફ્ટનર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે. પર્યાવરણને નુકસાન ન થાય તે માટે અવશેષ પાણીને એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરવામાં આવે છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર ગોવિંદ પ્રસાદ સૈની, સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર સંતોષ કુમાર મિશ્રા અને પશ્ચિમ રેલવેના વિવિધ ડિવિઝનનાના ડીઆરએમ વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યા હતા.

સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયા ખેડૂતોના હૃદયસમ્રાટઃ ભૂપત બોદર

જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાસુમન અર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

સૌરાષ્ટ્રના સાવજ ગણાતા અને ખેડૂતોના હૃદયસમ્રાટ એવા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાને તૃતીય પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાસુમન અર્પણ કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય, જીલ્લા બેંકના પૂર્વ ચેરમેન અને સૌરાષ્ટ્રના કદાવર નેતા વિઠ્ઠલભાઈ રાદડીયાનું સમગ્ર જીવન ખેડૂતો માટે આશિર્વાદરૂપ સમાન રહ્યું હતું. તેમના થકી અનેક ખેડૂતોના જીવન ખુશહાલ બન્યા હતા. લાખો ખેડૂતોના માનસપટ પર વિઠ્ઠલભાઈ રાદડીયા હરહંમેશ અંકિત બન્યા રહેશે.

ખેડૂતોના તાત અને રાજનેતા વિઠ્ઠલભાઈનો જન્મ જામકંડોરણામાં થયો હતો. તેઓ જીવનભર ખેડૂતોના હિતઅર્થે કામ કરતા રહ્યા. ખેતી અને સમાજ જીવનના પાયામાં રહ્યા છે. લેઉવા પટેલ સમાજમાં વિઠ્ઠલભાઈ આગવું સ્થાન ધરાવતા હતા. તેઓએ સમાજમાં અલગ-અલગ હોદાઓ પર સેવાઓ આપી હતી અને સમાજમાં તેમના દાન-ધર્મ કાર્યને આજે પણ લોકો યાદ કરે છે.

ત્યારે રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ વિઠ્ઠલભાઈ રાદડીયાની તૃતીય પુણ્યતિથિ નિમિતે પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિરશાંતિ અર્પણ કરે એવા શ્રધ્ધાસુમન પાઠવેલ હતા.

રેલવે મજદૂર સંઘ દ્વારા ૧૦૦ કોરોના વોરીયર્સનું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

હિરેન મહેતા (ડિવિઝનલ સેક્રેટરી) ના જણાવ્યા મુજબ વેસ્ટર્ન રેલવે મઝદૂર સંઘ દ્વારા બોલબાલા ટ્રસ્ટના સહયોગથી રેલવે હોસ્પિટલમાં સારવાર અર્થે સતત ફરજ બજાવતા રેલ કર્મચારીઓનું ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈનના હસ્તે ૧૦૦ મેડિકલ કર્મચારીઓને સન્માનિત કરાયા હતા.

જેમાં સી એમ એસ ડો. આર. વી. શર્મા, ડો.સમુદ્ર નેને, અવની ઓઝા, દયા રાનોલીયા, ડી એસ શર્મા, રાજેશ સારડીયા, કેતન ભટ્ટી , હરજી, ભારતી મેહતા, મંજુલા આર, મુમતાઝ દોમાન, તુલસીરામ, જીતેન્દ્ર, વિજય કે વગેરે સહિતના વિવિધ કેટેગરીના કર્મચારીઓનું સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે હિરેન મહેતા જણાવ્યું હતું કે એ કપરા સમયમાં ઓક્સિજન પૂરો પાડવાનો, સારવાર અર્થે આને બીજી અનેક ઘણી બધી મર્યાદાઓ સાથે રેલવે હોસ્પિટલમાં સતત ફરજ બજાવતા રેલકર્મચારીઓ કુનેહપૂર્વક જે કાર્ય કર્યું છે તેને માટે ગૌરવ છે.

આ પ્રસંગે અનિલ કુમાર જૈન (ડી આર એમ) જણાવ્યું કે એક એક કર્મચારી પોતાના પરિવારની કે સ્વાસ્થ્યની પરવાહ કર્યા વગર જે રીતે ફરજ બજાવતા રહ્યા છેએ પ્રશંસનીય છે. આ સાથે વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના સચિવ હિરેન મહેતાજી અને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હિરેન મહેતા માર્ગદર્શન હેઠળ મયુરસિંહ, સિજુ પિલ્લાઈ, જસ્મિન ઓઝા, બીપીનભાઈ વ્યાસ, મચાડો કલેમેન્ટ, ઈકબાલભાઈ, મનોજ અગ્રવાલ, વિવેકાનંદભાઈ ભટ્ટ, હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, જયેશભાઈ ડોડીયા, અવની ઓઝા, પુષ્પા ડોડીયા, ધર્મિષ્ઠા થોરિયા, વિક્રમ બા, ધર્મિષ્ઠા પૈજાએ જહેમત ઊઠાવી હતી.

હડમતીયા બેડી પાસે ૨૫ ફૂટના રૂદ્રાક્ષના શિવલિંગ સાથે શિવધામની સ્થાપના

ઈન્દ્રનિલ રાજગુરૂ દ્વારા આજે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગુજરાતના એક માત્ર સૌથી મોટા શિવલિંગની સ્થાપના અંગે માહિતી આપી

ઈન્દ્રનિલ રાજગુરૂએ સંજયભાઈ રાજગુરૂ કોલેજ કેમ્પસમાં બે તળાવની વચ્ચે રમણીય શિવધામ બનાવ્યું: આવતીકાલથી ત્રણ દિવસ સુધી લઘુરૂદ્ર કરાશેઃ શ્રાવણ માસના પહેલા સોમવારે પ્રાણપ્રતિષ્ઠા, બીડું હોમવાની વિધિ, ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાપ્રસાદ અને લોકડાયરાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

દેવાધીદેવ મહાદેવને અતિ પ્રિય એવા પવિત્ર પાવનકારી શ્રાવણ માસનો આજથી મંગલ પ્રારંભ થયો છે અને આ પવિત્ર માસમાં શિવભક્તો સતત એક મહિના સુધી શિવભક્તિમાં લીન થશે ત્યારે શિવજીના અનન્ય ભકત એવા ઈન્દ્રનિલ રાજગુરૂએ રાજકોટની તદ્દન નજીક શિવધામનું નિર્માણ કરીને મહાદેવની શ્રેષ્ઠ આરાધના કરી છે. આ શિવધામમાં ગુજરાતનાં સૌથી મોટા અને એક માત્ર ૨૫ ફૂટના રૂદ્રાક્ષના શિવલિંગ અને બાર જ્યોતિર્લિંગની સ્થાપના પણ કરી છે. આ ત્રણ દિવસમાં શિવધામમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે અને શ્રાવણ માસના પહેલા સોમવારે પ્રાણપ્રતિષ્ઠા, મહાઆરતી, સાંસકૃતિક કાર્યક્રમ મહાપ્રસાદ અને લોકડાયરો જેવા કાર્યક્રમો યોજાશે.

આ શિવધામ અને ધાર્મિક કાર્યક્રમો અંગે પત્રકારોને માહિતી આપતા સામાજિક અગ્રણી અને અનન્ય શિવભક્ત ઈન્દ્રનિલ રાજગુરૂએ કહ્યું હતું કે, રાજકોટની ભાગોળે બેડી-વાંકાનેર રોડ ઉપર હડમતીયા પાસે આવેલી સંજયભાઈ રાજગરૂ કોલેજના કેમ્પસમાં શિવધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ શિવધામ જે સ્થળે બનાવવામાં આવ્યુ છે તે સ્થળ અત્યંત રમણીય અને નૈસર્ગિક છે અને ડુંગર ઉપર બે તળાવની વચ્ચે આવેલું છે. આ શિવધામમાં ૨૫ ફૂટના રૂદ્રાક્ષથી બનેલા શિવલિંગની સ્થાપના કરવામાં આવી છે. સાથોસાથ બાર જ્યોતિર્લીંગની સ્થાપના પણ કરવામાં આવી છે. મંદિર પાસે લીલોછમ્મ ગાર્ડન પણ છે જે તન મનને શાંતિ આપે છે. ઈન્દ્રનિલ રાજગુરૂએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, આ શિવધામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે, આ કાર્યક્રમો આવતીકાલથી ત્રણ દિવસ સુધી ચાલશે અને ત્રીજા દિવસે એટલે કે શ્રાવણ માસના પહેલા સોમવારે પ્રાણ પ્રતિષ્ઠા થશે. વધુમાં કહ્યું હતું કે, તા. ૩૦ ને શનિવારે સવારે તેમજ તા. ૩૧ને રવિવારે સવારે પ્રાણ પ્રતિષ્ઠાની લઘુરૂદ્ર વિધિ કરવામાં આવશે. આ પછી તા. ૧ લી ઓગસ્ટને સોમવારે એટલે કે શ્રાવણ માસના પહેલા સોમવારે આખો દિવસના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં સવારે ૯ વાગ્યે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ થશે થશે અને સાંજે ૫:૩૦ કલાકે બીડું હોમવામાં આવશે. સાંજે ૬:૩૦ વાગ્યે મહાઆરતીનો કાર્યક્રમ યોજાશે. આ મહા આરતીમાં રાજગુરૂ પરિવારના સભ્યો અને અન્ય આમંત્રિતો જોડાશે. મહાઆરતી બાદ ભવ્ય સાંસ્કુતિક કાર્યક્રમ યોજાશે જેમાં દેવ ભટ્ટ અને સાથી કલાકારો શિવની વેશભૂષામાં કલા રજૂ કરશે અને ત્યાર બાદ ૮ વાગ્યે મહાપ્રસાદ યોજાશે. આ પછી રાત્રે ૧૦ વાગ્યે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકડાયરામાં સુપ્રસિદ્ધ લોક કલાકાર ઓસમાણ મીર, સાહિત્યકાર રણજીત વાંક તથા હાસ્ય કલાકાર સુખદેવ ધામેલિયા ઉપસ્થિત રહીને શિવ મહાત્મય રજૂ કરશે.

ઈન્દ્રનિલ રાજગુરૂએ કહ્યું હતું કે, આપણા આદિ શંકરાચાર્ય એટલે કે, દેવાધિદેવ મહદેવ દ્વારા હિન્દુ ધર્મની સ્થાપના થઈ હતી અને તેમાં સૃષ્ટિના સર્જકનું નામ શિવ આપ્યું હતું તેમ જ લિંગનો આકાર આપ્યો હતો. આમ કરવા પાછળનો હેતુ એ હતો કે માનવી પંચતત્વની સમજ કેળવીને સુદ્રઢ જીવન જીવે. આ મહત્વને ધ્યાનમાં રાખીને આ શિવધામની સ્થાપના કરવામાં આવી છે. આ તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અને પ્રાણ પ્રતિષ્ઠાનો લાભ લેવા ઈન્દ્રનિલ રાજગુરૂ, ગં.સ્વ જસુમતિબેન, સંજયભાઈ રાજગુરૂ, પરસોતમભાઈ રાજગુરૂ, દર્શનાબેન આઈ.રાજગુરૂ, દર્શનીલ આઈ.રાજગુરૂ તથા સ્વરાજ આઈ. રાજગુરૂ ઉપરાંત સમગ્ર રાજગુરૂ પરિવાર અને મિત્ર મંડળે સૌને જાહેર આમંત્રણ પાઠવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં પણ ઈન્દ્રનિલએ શ્રાવણ માસમાં રેસકોર્સના મેદાનમાં જાહેર જનતા માટે શિવ મહોત્સવનું આયોજન કર્યું હતું અને લાખ્ખો લોકોએ તેનો લાભ લીધો હતો. હવે શિવજીની પ્રેરણાથી જ તેમના દ્વારા રાજકોટની ભાગોળે કાયમી ધોરણે આ શિવધામ મંદિર બનાવવામાં આવ્યું છે. તેમ જણાવ્યું છે. (૧૩)



(તસવીરઃ પંકજ ડાભી)

કારગિલ વિજય દિવસ નિમિતે સમર્પણ ગૌરવ સમારોહ યોજાયો

સુરતમાં શહીદ જવાનોના પરિવારોનું ભાવસભર સન્માન

રૂ.૩૫ લાખનું દાન એકત્ર, વીર જવાનોના પરિવારોને રૂ.૪૦ લાખની સહાય અર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સુરત, તા.૨૯

કારગિલ વિજય દિવસ નિમિત્તે જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી યોજાયેલ સમર્પણ ગૌરવ સમારોહમાં બે ચિત્રોની હરાજીમાં રૂપિયા ૧૬ લાખની બોલી બોલાણી જે રકમ શહીદ જવાનોના પરિવારોને આપવામાં આવશે. જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી આ વર્ષે કુલ ૨૨ પરિવારોને કુલ રૂપિયા ૪૦ લાખથી વધુ સહાય સન્માન સાથે અર્પણ કરવામાં આવ્યા હતા. પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાની અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં કુલ ૯ પરિવારોને સન્માનિત કરાયા હતા. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સુરત યોજેલ રક્તદાન શિબિરમાં બે પરિવારોને અને ૧૧ પરિવારોને તેના વતન જઈ સહાય અર્પણ કરી છે.

સાબરકાંઠાના સિયાસણના શહીદ જવાન જીતેન્દ્રકુમાર મેણાતની ત્રણ નાની દીકરીઓ નિરાધાર બની છે, તેના શિક્ષણ અંગે તમામ ખર્ચ આપવા માટે આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સે જવાબદારી લીધી છે. ઉત્તરપ્રદેશના વિરજવાન સંતોષ શેષનાથ યાદવને પણ માત્ર બે દીકરીઓ છે, જેથી અરીહંત જ્વેલર્સના પ્રતાપભાઈ જીરાવાળા અભ્યાસ માટે દત્તક લેવાની જાહેરાત કરી છે. જય જવાન નાગરિક સમિતિ સુરતના સંકલનથી વિવિધ સંસ્થાઓએ સાથે મળી કારગીલ વિજય દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સવારે યુવાટીમ, યુવા સંસ્કૃતિ ટીમ અને સુ સંસ્કારદીપ મંડળ તરફથી પુષ્પાંજલિમાં ૧૧ વિરજવાનોના પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર પછી રોટરી ક્લબ ઓફ સુરત તરફથી શાનદાર ત્રિરંગા યાત્રા યોજવામાં આવી હતી. મેગા રક્તદાન શિબિર તથા કલાંજલી અને રાત્રે સમર્પણ ગૌરવ સમારોહ યોજાયો હતો. જેમાં ૧૧ પરિવારોને એક એક લાખ તથા સુરતનાં ૧૧ પરિવારોને સન્માન સાથે બે બે લાખની સહાય અર્પણ કરી હતી. આશાદીપ સ્કૂલ પરિવાર તરફથી દરેક પરિવારને ૨૫ - ૨૫ હજાર તથા સુરત જ્વેલરી મેન્યુફેક્ચર એસોસિએશન તરફથી દરેક પરિવારોને ૧૧ - ૧૧ હજારની સહાય આપવામાં આવી છે. સુરતની જુદી જુદી શાળાઓમાં એક એક પરિવારને સરેરાશ ૪૦ હજારની સહાય બાળકો અને શાળા તરફથી કરવામાં આવી છે. આમ કુલ ૧૧ પરિવારોને ૩૫ લાખની સહાય અર્પણ કરવામાં આવી છે.

સરગમ પરિવારના સભ્યો માટે નાટ્ય શો યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

સરગમ ક્લબ / લેડીઝ ક્લબ / સિનિયર સિટીઝન ક્લબ / કપલ ક્લબ તેમજ આમંત્રિતો અને અધિકારીઓ માટે હેમુગઢવી નાટ્યગૃહ માં મુંબઈનું નાટક ગમે તેવા તોયે ગમે એવા નામનો નાટ્ય શો યોજાયેલ જેમાં કલાકાર તરીકે જયભાઈ કાપડીયા, પ્રતિમાબેન ટી, તુસારીકા રાજ્યગુરૂ, જીજ્ઞાબેન ત્રિવેદી, હિતેશભાઈ પારેખ, ચિંતનભાઈ મહેતા, વગેરે અભિનયના ઓજસ પાથર્યા હતા.

આ કાર્યક્રમમાં મંત્રી અરવિંદભાઈ રૈયાણી (ગુજરાત રાજ્ય), વજુભાઈ વાળા, પોલીસ કમિશનર રાજુભાઈ ભાર્ગવ,, રમણીકભાઈ જસાણી, રમેશભાઈ ઠક્કર, કાળુભાઈ ફૂલવાળા, રાજેન્દ્રભાઈ મહેતા, જાણીતા કટાર લેખક જયવસાવડા, જીલ્લા ભાજપ મહામંત્રી મનસુખભાઈ રામાણી, શીવલાલભાઈ બારસીયા પ્રફૂલભાઈ ધામી, અજયભાઈ ભટ્ટ, ભાવેશભાઈ ઢોલરીયા, કાશ્મીરાબેન નથવાણી, કમલભાઈ ધામી, વિક્રમભાઈ પૂજારા, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.આ કાર્યક્રમ સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન નીચે ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી, સુનીલભાઈ દેત્રોજા, કનૈયાલાલ ગજેરા, જગદીશભાઈ ક્યારા, અનવરભાઈ ઠેબા, મનમોહન પનારા, ગીતાબેન હિરાણી, જયશ્રીબેન મહેતા, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન વ્યાસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્છર કમિટી મેમ્બરે જહેમત ઉઠાવેલ.

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનની ૧૮મી વર્ષગાંઠ નિમિતે

ડાયાબિટિક બાળકો બે દિવસિય ફ્રી મેગા ચેક-અપ કેમ્પનું યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

નાના બાળકોમાં થતાં ટાઈપ - ૧ જટીલ ડાયાબિટિસની સારવાર ક્ષેત્રે છેલ્લા ૧૮ વર્ષની સેવા યજ્ઞ ચલાવતી રાજકોટની સેવાભાવિ સંસ્થા જુવેનાઈલ ડાયાબિટિસ ફાઉન્ડેશની ૧૮મી વર્ષગાંઠની ઉજવણી જુવેનાઈલ ડાયાબિટિક બાળકોની વધુ સેવા કરવાનો નિર્ધાર કર્યો છે. આ માટે જુવેનાઈલ ડાયાબિટિસ ફાઉન્ડેશ દ્વારા આગામી શનિવાર અને રવિવારના રોજ રાજકોટની આત્મિય યુનિવર્સિટી ખાતે ફ્રી મેગા ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાની ૧૮મી વર્ષગાંઠ નિમિતે ટાઇપ -૧ ડાયાબિટિસથી પીડાતા બાળકો માટે નિઃશુલ્ક મેગા ચેકઅપ કેમ્પ આ કેમ્પનું ઉદઘાટન રવિવાર તા. ૩૧ના સવારે દસ કલાકે રાજકોટની આત્મિય યુનિવર્સિટી ઑડિટોરીયમ ખાતે યોજાશે. જેના ઉદઘાટન પ્રસંગમાં અતિથિ વિશેષ તરીકે પૂ. પૂ. ત્યાગ વલ્લભદાસ સ્વામી, સંદીપભાઇ એન્જીનિયર, જાગૃતિબન એન્જીનિયર, ડો.સંજીવ ફાટક બળવંતભાઇ દેસાઇ, ડો. નયન પી. જાની (એડિશનલ ડાયરેકટર હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, ગુજરાત રાજય) ઉપસ્થિત રહેશે. આ કેમ્પમાં તજજ્ઞો ડો. નિલેશ દેત્રોજા, ડો.પંકજ પટેલ, ડો.હર્ષ દુર્ગિયા, ડો. ઝલક શાહ -ઉપાધ્યાય, ડો.ચેતન દવે વગેરે સેવા આપશે.

આ મેગા ચેકઅપ કેમ્પમાં આવનાર દરેક જે. ડી. બાળકને ટાઈપ ૧ ડાયાબિટીસની સારવારમાં ઉપયોગી એવી તબીબી કીટ રૂ.૨૦૦૦ના મૂલ્યની ગિફ્ટ સ્વરૂપે આપવામાં આવશે, તથા સંસ્થા તરફથી બાળક તથા તેમના માતા-પિતા માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

CBSE ધો.૧૦માં ૯૪.૯૫ ટકા સાથે રીશ્વા છાયા ઉતીર્ણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રીશ્વા છાયાએ સી.બી.એસ.ઈ બોર્ડ દ્વારા મે ૨૦૨૨માં લેવાયેલ ધો.૧૦ની પરીક્ષામાં ૯૪.૪૫% ટકા ગુણ મેળવી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. રીશ્વા અમદાવાદ સ્થિત ધ્રુવભાઈ છાયા તથા પલ્લવીબેન છાયાના પૌત્રી તથા રાજકોટના હાલ આણંદ સ્થાયી થયેલ ગીરીશભાઈ વસાવડા તથા નીલાબેન વસાવડાના દોહીત્રી થાય. રીશ્વાએ અથાગ મહેનત કરી છાયા પરિવારનું ગૌરવ વધાર્યું છે.(૧૩.૧૧)

ગુરુવારે નવા ૪૩ કેસ નોધાયા, ૩૬ને ડિસ્ચાર્જ કરાયાઃ શહેરમાં કુલ કેસનો આંક ૬૪૪૪૪ થયો છે

જિજ્ઞેશ કાલાવડિયાની રાજપામાં રાષ્ટ્રીય મહામંત્રી તરીકે નિમણુંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

દેશનાં ક્રાંતિકારીઓની વિચારધારાને આમ આદમી સુધી લઈ જવા માટે પાયાનું કામ કરી રહેલા જિજ્ઞેશ કાલાવડિયા રાજપામાં જોડાયા બાદ તેમને પાર્ટી તરફથી રાષ્ટ્રીય મહામંત્રી (સંગઠન)ના પદ પર નિયુક્તિ આપવામાં આવી છે. રાષ્ટ્રવાદી જનચેતના પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મનુભાઈ ચાવડા દ્વારા તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સુપ્રત કરવામાં આવ્યા બાદ તેઓએ જણાવ્યુ હતું કે તેઓનું મુખ્ય કાર્ય રાષ્ટ્રવાદી જનચેતના પાર્ટી માટે કેડર બેઝ સંગઠન નું નિર્માણ કરવાનું છે. સમગ્ર ગુજરાતમાં પ્રવાસ કરીને શિક્ષિત, લડાયક અને અભ્યાસુ યુવાનો - મહિલાઓને પાર્ટી સાથે જોડવાનું કાર્ય તેમની પ્રાથમિકતા છે તેવું તેઓએ આ તકે જણાવ્યુ હતું. (૧૩)

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

ભાલ ખાદી મંડળના ઉપપ્રમુખ તરીકે પિનાકી મેઘાણી નિયુકત

આર્થિક-સામાજીક પછાત સમાજની બહેનોને સ્વરોજગારી પૂરી પાડવાના કાર્યને આપશે વેગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ગુજરાતની એકમાત્ર ઊની ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના માનદ્-ઉપપ્રમુખ પદે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી મેઘાણીની નિયુક્તિ થઈ છે. નવી પેઢીમાં ગાંધી-મૂલ્યો-વિચારોના પ્રસાર તેમજ રાષ્ટ્ર-ભાવનાનું સંસ્કાર-સિંચન થાય તે માટે પિનાકી મેઘાણી સવિશેષ કાર્યરત છે. જેમને મહાત્મા ગાંધીએ રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા આજીવન ખાદી ધારણ કરનાર ઝવેરચંદ મેઘાણીએ ખાદી-ગ્રામોદ્યોગનો પણ પ્રચાર-પ્રસાર કર્યો હતો જે ખાસ ઉલ્લેખનીય છે. ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ રાણપુર (જિ. બોટાદ) સ્થિત લોકસંત, ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી ૧૯૫૮માં સ્થાપિત ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ આર્થિક-સામાજિક વંચિત સમાજની બહેનોને સ્વરોજગારી પૂરી પાડે છે.

ડાકોરના મહંત શ્રી વિજયદાસજી મહારાજનું ડાકોરથી પગપાળા દ્વારકામાં આગમન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

દ્વારકા, તા.૨૯

ડાકોરના વિખ્યાત દંડી સ્વામી આશ્રમના મહંત શ્રી વિજયદાસજી મહારાજનું આજે દ્વારકામાં આગમન થયું હતું. મહંત શ્રી વિજયદાસજી મહારાજે અન્ય ચાર સાથીઓ સાથે તા.૧૪ જુલાઈના રોજ ડાકોરથી પ્રસ્થાન કર્યું હતું. ડાકોર અને દ્વારકા વચ્ચેના અંદાજે ૪૯૫ કી.મીના અંતરમાં મહંત વિજયદાસજી અને તેમના સહયાત્રીઓએ રોજનું અંદાજે ૩૦ કિમી ચાલીને ડાકોરથી દ્વારકાની પગપાળા યાત્રા સંપન્ન કરી હતી.

મહંત શ્રી વિજયદાસજી મહારાજે ડાકોરથી પગપાળા યાત્રા આરંભી હતી. આ યાત્રા નડીયાદ, ડભાણ, રાધુ, ધોળકા, બગોદરા, લીંબડી, સાયલા, ચોટીલા, રાજકોટ, ધ્રોળ, જામનગર, જામખંભાળિયા, લીંબડી થઈને દ્વારકામાં સંપન્ન થઈ હતી.

દ્વારકામાં મહંત શ્રી વિજયદાસજી મહારાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. દ્વારકામાં કિર્તિદાબેન દવે, શ્વેતાબેન દેસાઈ, શૈલીબેન પટેલ, વિશ્વમ દેરાસરી, નિશાબેન દેસાઈ, કોમલબેન પંડ્યા, વિશાલભાઈ પંડ્યા અને અનુરાગભાઈ વ્યાસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
+5%GST
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

ADVERSITING HERE

PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ખાનગી વાહનોમાંથી સરકારી હોદ્દાઓ સિવાયનું લખાણ પોલીસ દૂર કરી શકે નહીં

સરકારી વાહનો હોવાનો ભમ્ર પેદા કરતા લખાણો જ પોલીસને દૂર કરવાનો અધિકારઃ પ્રેસ, એડવોકેટ, ડોકટર જેવા લખાણો દૂર કરી શકે નહીં તેવો પરિપત્ર આરટીઓ તેમજ પોલીસ વિભાગને વાહનવ્યવહાર વિભાગ દ્વારા કરવામાં આવેલ

તાજેતરમાં પ્રેસ, એડવોકેટ, પોલીસ, ડોક્ટર, એન્જિનિયર સહિતનું હોદ્દો દર્શાવતું લખાણ દૂર કરાવવા ટ્રાફિક પોલીસની ટીમોના ધાડેધાડા ઉતર્યા હતા

આ પ્રકારનું લખાણ પોલીસ કાઢી શકે

આ પ્રકારનું લખાણ પોલીસ ન કાઢી શકે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

સરકાર દ્વારા વાહનો ઉપર નામ-હોદ્દો દર્શાવીને રૂઆબ છાંટતાં પાટીયાને તાત્કાલિક દૂર કરાવવાનો આદેશ આપતાં ટ્રાફિક પોલીસ દ્વારા કમિશનર કચેરી, રામનાથપરા પોલીસ લાઈન અને પોલીસ હેડક્વાર્ટર ખાતે ચેકિંગ ડ્રાઈવ કરીને હોદ્દો દર્શાવતા લખાણો દૂર કરાવ્યા હતા. આ સાથે જ માન્ય નંબરપ્લેટ નહીં લગાવનારા વાહનચાલકો પાસેથી દંડની વસૂલાત પણ કરવામાં આવી હતી. આ રીતે પોલીસ દ્વારા કુલ ૯૧ કેસ કરીને રૂા.૩૮૬૦૦ના દંડની વસૂલાત કરવામાં આવી હતી તો પાંચ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા તેમજ ૩૮ વાહનોમાંથી લખાણો દૂર કરાયા હતા. જ્યારે ૧૭ વાહનો ગેરકાયદે પાર્ક થયા હોય તેને ટોઈંગ કરી લેવામાં આવ્યા હતા. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા ઘણા લાંબા સમયથી વાહનોમાં પોલીસ લખાણ દૂર કરાવવાનો આદેશ આપ્યો હોવાથી અને જો આદેશનું પાલન નહીં થાય તો ક્વાર્ટર ખાલી કરાવવાની ચીમકી આપતાં જ લગભગ તમામ સ્ટાફે આ લખાણ દૂર કરાવી નાખ્યું હતું.

જો કે પોલીસ કર્મીઓના વાહનો ઉપર ભગવાનનું નામ, સંતાનોનું નામ સહિતનું લખાણ હજુ પણ યથાવત હોવાથી સૌથી પહેલાં પોલીસકર્મીઓના વાહનો પરથી આ લખાણ દૂર કરાવાયું હતું અને ત્યારપછી લોકોનો વારો લેવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસની અલગ અલગ ટીમો ઉપરોક્ત ત્રણેય સ્થળે ગોઠવાઈ ગઈ હતી અને સઘન ચેકિંગ હાથ ધરી વાહનો ઉપર પ્રેસ, પોલીસ, એડવોકેટ, ડોકટર, એન્જિનિયર સહિતનું હોદ્દો દર્શાવતું લખાણ લખીને નીકળતાં સ્કૂટર-કારચાલકોને અટકાવીને પોતાના હાથે જ આ લખાણ દૂર કર્યું હતું. બીજી બાજુ ભગવાન તેમજ સંતાનોના નામને દૂર કરવાનું શરૂ કરવામાં આવતાં લોકોમાં હોબાળો બોલી ગયો હતો જે અંગેની જાણ થતાં જ ટ્રાફિક એસીપી વી.આર.મલ્હોત્રાએ આ પ્રકારનું લખાણ નહીં દૂર કરવા સ્ટાફને આદેશ આપ્યો હતો.

પરંતુ જો સરકાર દ્વારા આપવામાં આવેલી ગાઈડલાઈન જોવા જઈએ તો તેમાં સ્પષ્ટ પણે કહેવામાં આવ્યું છે કે, કોઈ સરકારી અધિકારીઓ પોતાના હોદ્દાનું નામ દર્શાવતુ લખાણ જો તેના ખાનગી વાહનોમાં કરે તે તેને સરકાર વાહન હોવાનો ભમ્ર પેદા કરાવાના નિયમ અનુસાર તે લખાણ દુર કરી શકાય. પરંતુ જો કોઈ પ્રેસ, એડવોકેટ, ડોકટર જેવુ લખાણ લખ્યું હોય તો તે સરકારી હોદ્દાઓ નથી જો અને સરકારી વાહન હોવાનું ભ્રમ પેદા કરતા નથી તો તે પ્રકારનું લખાણ દુર કરી શકાય નહીં તેની પાસેથી તે લખાણ લખવા પાછળનો પુરવો ચોક્કસ પણે પોલીસ માંગી શકે છે. પરંતુ તે લખાણ દૂર કરી શકાતું નથી. આવી ગાઈડલાઈનો હોવા છતા પણ તાજેતરમાં રાજકોટ ટ્રાફીક પોલીસ દ્વારા ગમે તેમ આડે ધડ લોકોને કાયદાની બીક બતાવીને લખાણો દુર કરવામાં આવ્યા હતા. લોકોના સંતાનોના નામ પણ કઢાવવામાં આવ્યા હતા. તે ખરેખર યોગ્ય કહી શકાય નહીં .

સગીર બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

ગોંડલ પોકસો અદાલતનો ઐતિહાસિક ચુકાદો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ જીલ્લાના ગોંડલ સિટીમાંથી સજા પામનાર આરોપી પ્રશાંત ઉર્ફે પિયુષ વિનોદભાઈ ચાવડા (રહે. મોટી બજાર ખંઢેરીયા શેરી ગોંડલ વાળો) આ કામની ભોગ બનનાર બાળકીને ગત તા.૧૦-૩-૨૨ ના રોજ ગોંડલ ભગવતપરા મુકામેથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયેલ અને ભોગ બનનાર બાળકી સાથે અવાર નવાર બળજબરીપૂર્વક સંભોગ કરેલ અને ત્યારબાદ ભોગ બનનાર બાળકીના માતાને ભોગ બનનાર બાળકીએ સમગ્ર ઘટનાક્રમની જાણ કરતાં તેઓએ આરોપી પ્રશાંત ઉર્ફે પિયુષ વિનોદભાઈ બાવળીયા વિરૂધ્ધ ગુન્હો ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલ. ગંભીર બનાવ બાદ પોલીસે આરોપી પ્રશાંત ઉર્ફે પિયુષ વિનોદભાઈ બાવળીયાની ધરપકડ કરેલ.

ત્યારબાદ આ કામના આરોપી સામે ગંભીર ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ. સબબ ઉપરોકત કેસ પોકસો અદાલત ગોંડલ ખાતે ચાલી જતા સરકારી વકીલ ઘનશ્યામ કે.ડોબરીયા દ્વારા સરકાર તરફે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ અને ત્યારબાદ સરકાર તરફ કુલ ૮ સાક્ષીઓને તપાસવામાં આવેલ. કેસના મૌખીક પુરાવા અને લેખીત પુરાવાની હકીકતને તેમજ સરકારી વકીલ જી.કે. ડોબરીયા ધારદાર દલીલોને લક્ષમાં રાખી કોર્ટે આરોપી પ્રશાંત ઉર્ફે પિયુષ વિનોદભાઈ ચાવડા રહે. મોટી બજાર ખંઢેરીયા શેરી ગોંડલને વીસ વર્ષની સખત કેદની સજા ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ ઘનશ્યામ કે.ડોબરીયા રોકાયેલા હતા.

દૂધ ઉત્પાદન વધારવા પશુને અપાતા ઈન્જેક્શન વેચતો વેપારી પકડાયો

એ ડિવિઝન પોલીસે ઈન્જેક્શન માટેની ૮૫ નંગ સોય,કેમિકલ ભરેલી ૯૯ શીશી કબ્જે કર્યા, એફએએસએલ રીપોર્ટ બાદ પગલા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ગાય સહિતના દૂધ આપતા પશુઓ ધરાર વધારે દૂધ આપે તેવા હોર્મોન્સના અતિ જોખમી ઈન્જેક્શનો આપવાના કારસાનો આજે રાજકોટ પોલીસે પર્દાફાશ કર્યો છે. એ ડિવિઝન પોલીસે સંત કબીર રોડ પર આવેલ શક્તિ કિરાણા ભંડાર નામની દુકાનમાં દરોડો પાડીને આશિષ કેશુભાઈ કોટેચા (ઉ.૫૦ રહે. શ્રી રામ સોસાયટી-૩, આર.ટી.ઓ. પાછળ, રાજકોટ)ને જોખમી ઈન્જેક્શનો, કેમિકલની શીશી સાથે ક.૪૧(૧) ડી હેઠળ પકડી પાડી પૂછપરછ કરતા દૂધ ઉત્પાદન વધારવાના નામે આ ઈન્જેક્શનો વેચાતા હોવાનું ખુલ્યું છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યા અનુસાર આરોપી પાસેથી શંકાસ્પદ પ્રવાહી ભરેલી ૯૯ નંગ બોટલ તથા તે પશુના શરીરમાં નાંખવા ઈન્જેક્શનની ૮૫ નંગ સોય અને ૩૮ નંગ સીરીંજ કબ્જે કરી છે. પી.એસ.આઈ. ધર્મેશ ખેરએ જણાવ્યું કે આ પ્રવાહી દૂધનું બમણું ઉત્પાદન કરવાની લાલચમાં ઈન્જેક્શન રૂપે ગાય સહિત દુધાળા પશુઓને આપવા વેચાતુ હોવાનું અને એક સેલ્સમેન આ પ્રવાહી આપી જતો હોવાનું આરોપીએ જણાવ્યું છે. આ બોટલો એફ.એસ.એલ. રીપોર્ટ માટે મોકલાઈ છે જે રીપોર્ટ આવ્યા બાદ આગળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરાશે દૂધ વધુ મેળવવા આવા ઈન્જેક્શન આપવાથી ગાયના આરોગ્યને મોટુ નુકશાન થાય છે અને તે ઉપરાંત આવું દૂધ પીનારા બાળકો,લોકોના આરોગ્ય પર પણ જોખમ સર્જાય છે. આરોગ્ય સાથે ચેડાંના આ કારસ્તાનની વધુ તપાસ પોલીશ કરી છે.

પ્લોટ ખરીદવાના બહાને ૧.૮૦ કરોડની છેતરપીંડી

સણોસરા નજીક સાઈટનો બનાવ : 3.30 કરોડની પ્રોમીસરી નોટ બનાવી ચેક આપ્યા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૯

શહેરની રૈયા ચોકડી નજીક યોગીનગરમાં રહેતા શૈલેશભાઈ ગાંડુભાઈ બોરિયાએ કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે અજય ભાયચંદભાઈ ગઢીયાનું નામ આપ્યું હતું ફરિયાદમાં જણાવ્યું હતું કે સણોસરા ગામે તેની બિન ખેડવાણ જમીનમાં લાલન સ્ટાર્ટ એક્સપોર્ટ નામે ભાગીદારી પેઢી ચલાવતા હોય જેમાં તેને જમીનમાં ૩૫ પ્લોટનું વેચાણ કરવાનું હોય દલાલ જીતેન્દ્રભાઈ જોષીને વાત કરી હતી.

દરમ્યાન જીતેન્દ્રભાઈએ અજયભાઈ ગઢીયાના પુત્ર હેનીલ અને માધવ સાથે પ્લોટ લેવા માટે વાત કરી હતી અને ૧૧ કરોડમાં પ્લોટનું વેચાણ કરવાનું કહ્યું હતું જે બાંધકામ સાથે દસ્તાવેજ કરી આપવાનો હોય જેનો સોદો કરી દસ્તાવેજ સિવાયની જમીન આરોપી ન લેવાના ઈરાદે ઇસ્યુ ઉભા થતા ગત તારીખ ૧૭/૧૨/૨૦૨૧ના રોજ નોટરાઈઝ પ્રોમીસરી નોટ કરી આરોપી અને તેના બાકી રહેતા રૂપિયા ૩.૩૦ કરોડનો ચેક આપેલ ગત તારીખ ૫/૫/૨૦૨૨ના રોજ સુધીમાં રૂપિયા દેવાના હોય જેમાનો રૂપિયા ૫૦ લાખ અને બીજો ચેક ૧.૩૦ કરોડનો બેંકમાં નાખતા જે ચેકો રીટર્ન થયા હોય ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જે કે પાંડાવદરાએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાનીકાર્યવાહી કરી છે.

રાજકોટમાં દારૂની મહેફીલનો વીડિયો વાયરલ મામલે ૬ ઝડપાયા

વાયરલવીડિયો કુવાડવા રોડ પરની ઓફિસનો હતો, સોશિયલ મીડિયા પર વોચના દાવા ખોખલા સાબિત!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૯

બોટાદ અને અમદાવાદ પંથકના લઠ્ઠાકાંડનો મુદ્દો હાલ સમગ્ર રાજયમાં ગાજી રહ્યો છે. બરાબર તે ટાંકણે જ રાજકોટમાં નશાબંધીનો ધજ્જીયા ઉડાડતો એક વીડિયો આજે સોશિયલ મિડિયામાં વાયરલ થયો હતો. જેમાં ઓફિસમાં બેઠેલા ૧૨ થી વધુ શખ્સો દારૂની મહેફીલ માણતા અને ગીત પર ડાંસ કરતા નજરે પડયા હતા. જેના પગલે પોલીસની આબરૂના લીરા ઉડતા તત્કાળ કયાનો વીડિયો છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી.

આખરે બી-ડિવિઝન પોલીસની હદ્દનો વીડિયો હોવાનું બહાર આવતા તેનો સ્ટાફ તપાસમાં લાગી ગયો હતો. મોડી સાંજે પોલીસે છ શખ્સોની અટકાયત કરી હતી. આ દારૂની મહેફીલમાં હેડકવાર્ટરનો એક કોન્સ્ટેબલ વીરાભાઈ પણ સામેલ હોવાના મેસેજ સોશિયલ મિડિયા પર વાયરલ થયા હતા. જો કે તપાસ કરતી કે પોલીસે કોન્સ્ટેબલ હતો કે નહી તે બાબતે હાલ તપાસ ચાલુ હોવાનું જાહેર કર્યું છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે જે વિડીયો વાયરલ થયો છે તે કુવાડવા રોડ પર પંકજ ડાંગરની ઓફિસનો છે. આ ઓફિસ સંભવતઃ ફાયનાન્સની હોવાનું મનાય છે. જો કે ઓફિસ માલીક મોડી સાંજ સુધી પોલીસમાં હાથમાં આવ્યો નહતો. ઓફિસમાં હાજર છ શખ્સોને બી-ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતા. જેમાં પૃથ્વીરાજ રામકુભાઈ માજરીયા, રાજું ઘોઘાભાઈ મકવાણા, હસમુખ બચુભાઈ ડાંગર, જગદીશ લક્ષ્મણભાઈ સિધ્ધપરા, ભરત રામભાઈ ડાંગર અને મયુર ઘનશ્યામ ચાવડાનો સમાવેશ થાય છે. બાકીના શખ્સોની શોધખોળ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું હતું. હાલ તમામ શખ્સો સામે અટકાયતી પગલા લેવાશે. એટલુ જ નહી તમામના બ્લડ સેમ્પલ લઈ તેનું પૃથ્થકરણ કરાવાશે. રીપોર્ટ આવ્યા બાદ પોલીસ ગુનો નોંધવાની કાર્યવાહી કરશે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી પોલીસ સોશિયલ મીડિયા પર તેની વોચ હોવાના ગાણાં ગાતી આવી છે. આમ છતાં સોશિયલ મીડિયા પર ગેરકાયદે અને વાંધાજનક પ્રવૃત્તિના વીડિયો ત્રાહિત લોકો દ્વારા જયારે વાયરલ થાય ત્યારે જ પોલીસને જાણ થાય છે. શહેરમાં પોલીસ કે કાયદાનો કોઈ ડર રહ્યો ન હોય તેમ છાશવારે ગેરકાયદે અને વાંધાજનક વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરવાનું ચલણ વધતુ જાય છે. આવા વીડિયો જયારે વાયરલ થાય ત્યારે પોલીસ કાર્યવાહી કરે છે આમ છતાં રોજબરોજ વાંધાજનક અને ગેરકાયદે કૃત્યોના વીડિયો જે રીતે વાયરલ થાય છે તે જોતા પોલીસ કે કાયદાનો ડર ન રહ્યો તેવું સ્પષ્ટ થયું છે.

સહકારી ક્ષેત્રના ભીષ્મ પિતામહ અને દિગ્ગજ ખેડૂત નેતા
અને અમારા પ્રેરણાસ્ત્રોત
શ્રી વિઠલભાઈ રાદડીયાને
ત્રીજી પુણ્યતિથીએ
ભાવભરી સ્મર્ણાંજલી

ના ભુલીએ અમે, એ દિવ્યાત્માને...
કુદરતને શું કહીએ અમે,
તમ વિના કેમ રહીએ અમે,
તુટેલી નાવની જેમ, જીવન
સાગરમાં વહીએ અમે.
સહકારી ક્ષેત્રે આગવી ઓળખ
ઉભી કરનાર અમારા
પ્રેરણાસ્ત્રોત **વિઠલભાઈને**
કોટી કોટી વંદન

સ્વ.શ્રી વિઠલભાઈ હંસરાજભાઈ રાદડીયા
સ્વ. તા. ૨૯-૭-૨૦૧૯ને સોમવાર

શ્રી જયેશભાઈ રાદડીયા - ધારાસભ્યશ્રી તથા RDC બેંક પ્રતિનિધિ
શ્રી ગોરધનભાઈ પોપટભાઈ ધામેલીયા - ચેરમેનશ્રી

શ્રી ગોવિંદભાઈ શામજીભાઈ રાણપરીયા- ડીરેકટરશ્રી
શ્રી દેવેન્દ્રકુમાર રમણિકશંકર દેસાઈ - ડીરેકટરશ્રી
શ્રી કડીવાર રસુલભાઈ અલીભાઈ- ડીરેકટરશ્રી
શ્રી બાદી અબ્દુલરહીમ આહમદભાઈ - ડીરેકટરશ્રી
શ્રીમતી કિરણબેન કુરજીભાઈ સાંગાણી - ડીરેકટરશ્રી
શ્રી ભુવા હરજીભાઈ રવજીભાઈ - ડીરેકટરશ્રી
શ્રીમતી જોશનાબેન અશ્વીનભાઈ ગઢીયા - ડીરેકટરશ્રી
શ્રી આંબાભાઈ વિભાભાઈ - ડીરેકટરશ્રી
શ્રીમતી લીલીબેન મગનભાઈ મેટાળીયા - ડીરેકટરશ્રી
શ્રી સુરેશભાઈ માધાભાઈ લુણાગરીયા- ડીરેકટરશ્રી
શ્રીમતી વર્ષાબેન શૈલેષભાઈ ખાતરા - ડીરેકટરશ્રી
શ્રીમતી વનિતાબેન મહેશભાઈ રૈયાણી - ડીરેકટરશ્રી
શ્રી વિશાલ કપુરીયા - જી.રજી.સહ.મંડળીઓ
શ્રી ધનરાજ સહાની - NDDB પ્રતિનિધી
શ્રી સમીર સકસેના - GCMMF પ્રતિનિધી
શ્રી વિનોદ વ્યાસ - મેનેજીંગ ડિરેકટર

SIMPLE

શ્રી રાજકોટ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. રાજકોટ

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
–ઃશ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ–
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઈઝથી વધુ સાઈઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.